RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 282* Date: 08.08.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## દિલ્હીથી આઈએસઆઈએસના સક્રિય સદસ્યની ધરપકડ કરી

નવીદિલ્હી૭

એનઆઈએને મોટી સફળતા મળી છે. ૧૫ ઓગષ્ટ પહેલા એજન્સીએ દિલ્હીથી આઈએસઆઈએસના સક્રિય સદસ્યની ધરપકડ કરી છે. આતંકવાદીનું નામ મોહસિન અહમદ છે. આઈએસઆઈએસ મોડ્યુલની ગતિવિધિઓ માટે શોધખોળ હાથ ધરાયા બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. ઉંઈછએ રવિવારે આરોપી મોહસિન અહમદ પુત્ર મોહમ્મદ શકીલ અહમદના નિવાસ પરિસરનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તે હાલમાં એફ- ૧૮/૨૭, જાપાની ગલી, જોગાબાઈ એક્સટેન્સન બાટલા હાઉસમાં રહી રહ્યો હતો.

એનઆઈએ ૨૫ જૂને આઈપીસીની કલમ ૧૫૩ એ ૧૫૩ બી અને યુએ(પી)એક્ટની કલમ ૧૮, ૧૮બી, ૩૮, ૩૯ અને ૪૦ હેઠળ કેસ નોંધ્યો હતો. ધરપકડ કરાયેલો આરોપી કટ્ટરપંથી છે અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન આઈએસઆઈએસનો સક્રિય સભ્ય છે. તેની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ એનઆઈએની ટીમે બાટલા હાઉસ સ્થિત એક ઘરમાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી શંકાસ્પદ મોહસીનની ધરપકડ કરવામાં આવી હતી. દરોડા દરમિયાન ઘરમાંથી ઘણા વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા.

આરોપી આતંકવાદી સંગઠનનો સક્રિય સદસ્ય છે. એનઆઈએએ આ મામલાની તપાસ હાથ ધરી છે. એનઆઈએએ ૨૫ જૂનના રોજ જ ર્હૈંઇ દાખલ કરી લીધી હતી. ત્યારબાદ સતત તપાસ કરવામાં આવી રહી છે. આ શંકાસ્પદ વ્યક્તિ ભાડાના મકાનના ચોથા માળે રહેતો હતો. મોહસિન પર સતત આઈએસઆઈએસ મોડ્યુલ સાથે જોડાયેલા હોવાનો આરોપ છે. હવાલા ક્રિપ્ટોકરન્સી દ્વારા પૈસાની લેવડદેવડ કરતો હતો. શંકાસ્પદ વ્યક્તિ પર બાટલા હાઉસમાં રહીને આસપાસના લોકો અને વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ છે.એજન્સી સતત આતંકવાદી પર નજર રાખી રહી હતી. નક્કર પુરાવા મળતાં જ તેની ધરપકડ કરવામાં આવી હતી. હવે એ જાણવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે કે, ક્રિપ્ટોકરન્સી અને હવાલા દ્વારા કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શનને કોણે ફંડ આપ્યું હતું. તેનો હેન્ડલર કોણ છે અને તે ક્યાં બેઠો છે. તે આગળ પૈસા ક્યાં સપ્લાય કરતો હતો? પૈસા કોને મોકલવામાં આવતા હતા? આ તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

## તમે ભાજપને વોટ આપશો તો એ તમારા બાળકોને ઝેર પીવડાવશે, મને આપશો તો હું સ્કૂલ બનાવડાવીશ : કેજરીવાલ

### આદિવાસીઓ માટે કેજરીવાલની છપ્પર ફાડકે જાહેરાત, એક નહિ અનેક વાયદા કર્યાં

વડોદરા,તા.૭

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના દિલ્હી પ્રવાસનો આજે બીજો દિવસ છે. તેઓ ગુજરાતની પ્રજામાં ધીરે ધીરે વિશ્વાસ પેદા કરી રહ્યાં છે. જેના માટે તેઓ દર અઠવાડિયે આવીને ગુજરાતની પ્રજાને વચન આપી રહ્યાં છે. ત્યારે તેમણે આજે બોડેલીમાં જંગી સભાને સંબોધી હતી. જ્યાં મંચ પરથી તેમણે ભાજપ કોંગ્રેસની મિલીભગતવાળી સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.

ભારત માતાના જયકાર બોલાવીને તેમણે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આદિવાસીઓ માટે જય જોહરના નારા લગાવ્યા હતા. તેના બાદ કહ્યુ હતું કે, ગુજરાતમાં નવી રાજનીતિ આવશે, નવી ક્રાંતિ આવશે. લઠ્ઠાકાંડ થયો એ અંગે તમે સાંભળ્યું કે ઘણાના મોત થયા, ઘણાને દાખલ કરવા પડ્યા. મને આ અંગે માલુમ થતા ભાવનગર હોસ્પિટલમાં મળવા પહોંચ્યો. ત્યાં જઈને દર્દીઓને પૂછ્યું કે, ખુલ્લેઆમ શરાબ મળે છે? તેમનો જવાબ હા હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દર્દીઓને મળ્યા નહિ તેનું દુઃખ થયું. દરેક વસ્તુમાં વોટ ના જોવાય, માણસ થવું પડે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ પણ કોઈને મળ્યા નહિ, એમને રાજ આપ્યું પણ ઘરમાં મોત થયું તો મળવામાં પણ ના આવ્યા. સુખમાં ના આવે પણ દુઃખમાં સાથ કે કામ આવવા જોઈએ.

મારો સવાલ છે કે, ગુજરાતમાં નશાબંધી છે તો હજારો કરોડો રૂપિયાનો દારૂ કોણ વેચે છે? તમે એમને વોટ આપશો તો નકલી દારૂ પીવડાવશે, તમારા બાળકોને ઝેર પીવડાવશે. મને વોટ આપશો તો સ્કૂલ બનાવડાવીશ. કોંગ્રેસ-બીજેપી વચ્ચે ઈલું ઈલું ચાલુ છે. હવે ઈમાનદારીની રાજનીતિ માટે આપ પાર્ટીની ઝાડુને વોટ આપજો. હું પણ આમ આદમી છું મને રાજનીતિ નથી



આવડતી કામ કરતા આવડે છે. હું સંકલ્પ પત્ર કે ઘોષણા પત્ર, નહિ પણ હું ગેરેન્ટી આપવા આવ્યો છું.

કેજરીવાલે આજે આદિવાસી વિસ્તારમાં સભા સંબોધી હતી. ત્યારે આદિવાસી સમાજ માટે તેમણે કહ્યુ કે, આદિવાસી આદિવાસી સમાજ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. હું બાબા સાહેબે બનાવેલ પંર શિડયુલ લાગુ કરીશ. પૈસા એક્ટ લાગુ કરીશ. ગ્રામ સભાને સુપ્રીમ કરીશું, ટ્રાયબલ એડવાઈઝરી કમિટી બનાવીશું, આદિવાસીઓ માટેની સમસ્યા સમજવા સ્થાનિકને ચેરમેન બનાવીશું.

તેમણે ગુજરાતની જનતા માટે જાહેરાત કરતા કહ્યુ કે, મારુ કોઈ બેલેન્સ નથી, પાર્ટી પણ ફક્કડ છે. અમારી સરકાર આવશે તો ૩ મહિનામાં શૂન્ય બિલ કરીશું, જૂનું બિલ માફ કરવામાં આવશે. ગુજરાતમાં વારંવાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી જાય છે, આ લોકો સરકાર કેવી રીતે સાંભળી શકે? અમારી સરકારમાં બેરોજગારને રોજગાર ના મળે ત્યાં સુધી પ્રત્યેક બેરોજગારને પ્રતિ માસ રુપિયા ૩૦૦૦ જેટલું બેરોજગારી ભથ્થું મળશે. સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરી ૧૦ લાખ સરકારી નોકરીઓની વાત કરી છે, આદિવાસીઓને હક્ક મળશે.

અરવિંદ કેજરીવાલે ચૂંટણી પહેલા આપી વધુ એક ગેરન્ટી આપી છે. આ વખતે તેમણે આદિવાસીઓને વચન આપ્યુ છે. આદિવાસીઓને બંધારણીય અધિકારોથી સન્માન અને અધિકાર આપવા કેજરીવાલે વાયદો કર્યો છે. વડોદરામાં અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને આદિવાસીઓને સન્માન અને અધિકારની ગેરન્ટી આપી છે.

અરવિંદ કેજરીવાલ ની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યુ કે, આમ આદમી પાર્ટી ઈમાનદાર અને શરીફોની પાર્ટી છે. તે દેશભક્તોની પાર્ટી છે. અમને દંગા ફસાદ, લડાઈ કરતા નથી આવડતું. અમે મુદ્દાની વાત કરીએ છીએ. અત્યાર સુધી અમે ત્રણ ગેરંટી આપી છે. અમે બોગસ મેનિફેસ્ટો કે ઘોષણાપત્ર નથી આપતા. પંજાબમાં ૨૫ લાખ પરિવારોનું વીજળી બિલ ઝીરો આવ્યું છે. હજી ૨૬ લાખ મળી ૫૧ લાખ પરિવારોને વીજળીનું બિલ ઝીરો આવશે. ગુજરાતનો યુવાન બેરોજગાર છે, તેની પાસે નોકરી નથી. અમે આવીશું તો ૧૦ લાખ સરકારી નોકરી આપની સરકાર આપશે. ગુજરાતમાં પેપર વારંવાર લીક થાય છે. અમે પેપર લીકને લઈ કડક કાયદો બનાવીશું. પેપર ફોડનાર લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરીશું.તેમણે કહ્યુ કે, વેપારીઓને ગુજરાતમાં ડરાવવામાં આવી રહ્યાં છે. કેજરીવાલની બેઠકમાં ન જાવ તેવું કહીને તેમને ધમકાવાઈ રહ્યા છે. હું કોઈ આતંકવાદી નથી. વેપારીઓને અમે સન્માન આપીશું, રેડ રાજ ખતમ કરીશું. વેપારીઓ માટે વેટના પેન્ડિંગ રિફંડ ૬ મહિનામાં આપીશું. આદિવાસીઓનું ગુજરાતમાં શોષણ કરવામાં આવી રહ્યું છે. આદિવાસી સમાજને સંવિધાનના ૫ શિડયુલને લાગુ કરીશું. ગ્રામ સભાની મંજુરી વિના સરકાર એક્શન નહિ લઈ શકે.

## તેલંગણામાં જેમ જેમ ભાજપ પોતાનો પગ પેસારો કરી રહી છે તેમ તેમ કોંગ્રેસ માટે ઘર સંભાળવું મુશ્કેલ થતું જઈ રહ્યું છે.

હૈદરાબાદ,તા.૭

તેલંગાણામાં એક વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી થવા જઈ રહી છે, તેલંગાણામાં જેમ જેમ ભાજપ પોતાનો પગ પેસારો કરી રહી છે તેમ તેમ કોંગ્રેસ માટે ઘર સંભાળવું મુશ્કેલ થતું જઈ રહ્યું છે. તેલંગાણા રાષ્ટ્ર સમિતિ પોતાની સત્તા યથાવત રાખવા માટે દરેક સંભવિત પ્રયાસ કરી રહી છે. લગભગ છેલ્લા એક અઠવાડિયામાં કોંગ્રેસના બે નેતાઓએ પાર્ટી છોડી છે. પાર્ટી અને ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપનારા કોમટીરેડ્ડી રાજગોપાલ બાદ વરિષ્ઠ નેતા દસોજુ શ્રવણે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. કોમટીરેડ્ડી ૨૧ ઑગસ્ટના રોજ ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ભાજપમાં સામેલ થશે.દોસોજુ શ્રવણ પણ ભાજપમાં જોડાઈ ગયા છે. પ્રદેશ કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાના જણાવ્યા મુજબ, હજુ કેટલાક નેતા અને ધારાસભ્ય કોંગ્રેસ પાર્ટી છોડી શકે છે. આ નેતા ભાજપમાં સામેલ થાય છે તો વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શન પર અસર પડશે કેમ કે, ભાજપ ચૂંટણી લડવાથી સત્તા વિરોધી વોટ વિભાજિત થઈ શકે છે. તેલંગાણા ભાજપના પ્રમુખ બંદી સંજય કુમારે ગયા ગુરુવારે દાવો કર્યો હતો કે ્ઈજીના ધારાસભ્ય સત્તાધારી પાર્ટીમાંથી રાજીનામુ આપવાની તૈયારી કરી રહ્યા છે.

ભાજપના પ્રમુખે કહ્યું કે કેટલાક ટીઆરએસના ધારાસભ્યોનું માનવું છે કે આ સરકારમાં તેમનું કોઈ ભવિષ્ય નથી.ટીઆરએસ સરકાર વિરુદ્ધ વિદ્રોહ મજબૂત થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણીમાં તેલંગાણા રાષ્ટ્ર સમિતિ ને ૮૮, કોંગ્રેસને ૧૯ અને ભાજપને માત્ર ૧ સીટ મળી હતી. વિધાનસભામાં ૧૧૯ સીટો છે. ભાજપે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૪ સીટ હાંસલ કરી હતી, જ્યારે કોંગ્રેસને માત્ર ૩ સીટ મળી હતી. દોસોજુ શ્રવણ ભાજપમાં સામેલ થઈ ગયા છે.તેઓ કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીની ઉપસ્થિતિમાં ભાજપમાં સામેલ થઈ ગયા છે. શ્રવણ તેલંગાણામાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પ્રવક્તા હતા. તેમણે શુક્રવારે કોંગ્રેસથી નારાજગી બાદ પાર્ટીને છોડવાની જાહેરાત કરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે શ્રવણ તેલંગાણા પ્રદેશ સમિતિના પ્રમુખ અને સાંસદ એ.આર. રેડ્ડીના કામ કરવાની રીતથી જરાય ખુશ નહોતા.

## મોંઘવારી માટે કોંગ્રેસ જવાબદાર છે : કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલે

નવીદિલ્હી,તા.૭

કોંગ્રેસ પાર્ટીએ મોંઘવારીને લઇ દેશવ્યાપી પ્રદર્શન કર્યા છે.દિલ્હી સહિત દેશભરમાં કોંગ્રેસે શુક્રવારે ભારે વિરોધ પ્રદર્શન કર્યા હતાં ભાજપે કોંગ્રેસના પ્રદર્શનને ફકત ઈડીથી ધ્યાન ભટકાવવા માટેની યુક્તિ બતાવી છે જયારે આજ મુદ્દાને લઇ કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલેએ એક નિવેદન આપ્યું જેના પર સોશલ મીડિયા યુઝર તેમનાથી નારાજ થઇ ગયા હતાં અને કેન્દ્રીય મંત્રી અઠાવલેની ખુબ ટીકા કરી હતી.

રામદાસ અઠાવલે વાત કરતા કહ્યું કે અમિત શાહજીએ જે ભૂમિકા રાખી છે તેનું અમે સ્વાગત કરીએ છીએ કોંગ્રેસ સેકયુલર સેકયુલર કરે છે પરંતુ તેનો અર્થ સમજતી નથી સેકુલરિઝમનો અર્થ થાય છે સર્વ ધર્મ સમભાવ જે રીતે મોદીજીએ જે દિવસે જ રામ મંદિરનો પાયો નાખ્યો હતો તેજ દિવસે કોંગ્રેસના નેતાઓએ કાળા કપડા પહેરી વિરોધ પ્રદર્શન કર્યા

રામદાસ અઠાવલે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીને વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે પરંતુ મોંધવારી માટે કોણ જવાબદાર છે.કોંગ્રેસ ૭૫ વર્ષમાં ૬૦થી વધુ સુધી સત્તામાં રહી કોંગ્રેસની પાસે મોંઘવારી ઓછી કરવાની તક હતી પરંતુ તેમના તરફથી મોંઘવારી ઓછી થઇ નહીં હવે રાજનીતિ અને નાટક કરવા માટે કોંગ્રેસે કાળા કપડા પહેરી વિરોધ પ્રદર્શન કર્યા.એ યાદ રહે કે પ્રદર્શન દરમિયાન રાહુલ ગાંધી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના નેતાઓને હિરાસતમાં લેવામાં આવ્યા હતાં અને બાદમાં છોડી મુકવામાં આવ્યા હતાં.

જો કે રામદાસ અઠાવલેના નિવેદન પર સોશલ મીડિયા પર લોકો ચર્ચા કરવા લાગ્યા અને તેમના પર નિશાન સાધવા લાગ્યા હતાં જમીલ હસન નામના ટ્વિટર યુઝરે લખ્યું કે જરૂર સસ્તો નશો કરીને આવ્યા છે જરા માહિતી મેળવો આખરે તેમણે કયો સસ્તો નશો કર્યો છે ગત આઠ વર્ષથી આ સત્તામાં રહેતા બીજાને જવાબદાર ઠેરવી રહ્યાં છે.જયારે જયસિંહ નામના ટ્વિટર યુઝરે લખ્યું કે બધા માટે કોંગ્રેસ જ જવાબદાર છે તો શું મોદીજી આઠ વર્ષોથી તંબુરો વગાડી રહ્યાં છે કે શું અન્ય એકે લખ્યું કે એક યાદી બનાવી આપી દો કોંગ્રેસ કંઇ કંઇ બાબતો પર જવાબદાર છે ત્યારબાદ બચેલી વસ્તુઓ પર વાત કરી લઇશું

## ૨૦૨૧થી વિદેશી મુદ્રા ભંડાર સતત ખાલી થઈ રહ્યો છે. ભાજપ સાંસદ

નવીદિલ્હી,તા.૭

ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ એકવાર ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે.

આરબીઆઇના આંકડાનો હવાલો આપતા સ્વામીએ વડાપ્રધાન પર નિશાન સાધ્યું છે અને કહ્યું છે કે ૨૦૨૧થી વિદેશી મુદ્રા ભંડારમાં સતત ઘટાડો આવી રહ્યો છે.તેમણે કહ્યું કે આ ફકત કોરોના મહામારીનું કારણ હોઇ શકે નહીં

સ્વામી પહેલા પણ મોદી સરકારની આર્થિક નીતિ પર સવાલ ઉઠાવી ચુકયા છે તાજેતરમાં ભાજપ નેતા ખુબ આક્રમક રહ્યાં છે અને વિવિધ મુદ્દા પર તેઓ વડાપ્રધાનને નિશાન પર લઇ રહ્યાં છે આ પહેલા સ્વામીએ કેન્દ્રીય મંત્રી પ્રહલાદ પટેલના બહાને મોદી પર પ્રહારો કર્યા હતાં ભાજપ નેતાએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી મંત્રી પ્રહલાદ પટેલની ફાઇલ પર સાઇન કેમ કરતા નથી તેમનો દાવો છે કે વડાપ્રધાન મોદીના ડેસ્ક પર આ ફાઇલ ચાર વર્ષથી પડી છે આ સાથે જ સ્વામીએ મોટો આરોપ લગાવતા કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ કોઇ કારણ વિના પ્રહલાદ પટેલનું મંત્રાલય બદલી દીધુ અને ડોભાલને ટેપિંગ માટે તેમની પત્નીના ફોનમાં પેગાસસ નાખી દીધું સ્વામી ભાજપ અને મોદી પર કોઇને કોઇ બહાને નિશાન સાધતા રહે છે.જો કે ભાજપ તરફથી સ્વામીના આ આરોપો પર કોઇ પ્રતિક્રિયા આપવામાં આવી નથી

વિદેશી મુદ્રા ભંડારની વાત કરીએ તો દેશી પોર્ટફોલિયો રોકાણકારોએ એકવાર ફરીથી ભારતીય બજારોનું વલણ કર્યું છે. ત્યારબાદ ૨૯ જુલાઇએ સમાપ્ત થતા સપ્તાહ દરમિયાન ભારતનો વિદેશી મુદ્રા ભંડારમાં ૨૪ અરબ ડોલરનો વધારો થયો આ પહેલા સતત ચાર અઠવાડીયા સુધી તેમાં ક્મી જોવા મળી હતી.

આરબીઆઇના આંકડા અનુસાર ૨૯ જુલાઇએ સમાપ્ત થતા અઠવાડીયા દરમિયાન વિદેશી મુદ્રા ભંડાર ૫૭૩.૮૭૫ અરબ ડોલર હતું જયારે ૧૫ જુલાઇએ સમાપ્ત અઠવાડીયા દરમિયાન વિદેશી મુદ્રા ભંડારમાં ૭૫૪૧ અરબ ડોલરની કમી આવી હતી આ ઉપરાંત ૨૨ જુલાઇએ સમાપ્ત અઠવાડીયામાં આ ૫૭૧.૫ અરબ ડોલર હતું

## હાઈકોર્ટમાં ૧૦૦થી વધુ અને ૫થી વધુ નિમણૂક સુપ્રીમ કોર્ટમાં નિમણુંક કરાઇ

### એન વી રમણા સૌથી વધુ જજોની નિમણૂક કરનાર ચીફ જસ્ટિસ બન્યા

નવીદિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન વી રમણા ઉચ્ચ ન્યાયતંત્રમાં જજોની સૌથી વધુ નિમણૂક કરનારા દેશના ચીફ જસ્ટિસ બની ગયા છે. પોતાના એક વર્ષથી વધુ સમયના કાર્યકાળમાં તેમણે હાઈકોર્ટમાં ૧૦૦થી વધુ જજોની નિમણૂક અને ૫થી વધુ નિમણૂક સુપ્રીમ કોર્ટમાં કરી છે. હાઈકોર્ટમાં જજોની ખાલી જગ્યા ૪૧૧ થી ઘટીને ૩૮૦ થઈ ગઈ છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એનવી રમનાએ ૨૪ એપ્રિલ, ૨૦૨૧ના રોજ તત્કાલિન ચીફ જસ્ટિસ એસએ બોબડેનું સ્થાન લીધું હતું. તે સમયે દેશની ૨૪ હાઈકોર્ટમાં ન્યાયાધીશોની ૪૦ ટકા (૪૧૧) થી વધુ જગ્યાઓ ખાલી હતી. પટના હાઈકોર્ટ સહિત કેટલીક હાઈકોર્ટ અડધાથી પણ ઓછી ક્ષમતા સાથે કામ કરી રહી હતી. પરંતુ જસ્ટિસ રમણાના આવતાની સાથે જ કોલેજિયમમાં સર્વસંમતિ બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા (ન્યાયાધીશોની પસંદગી માટે પાંચ વરિષ્ઠ-સૌથી વધુ ન્યાયાધીશોનું બોર્ડ) અને ન્યાયાધીશોની ભલામણો સ્વીકારવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે તેમની લગભગ બધી ભલામણ માની અને નિમણૂક કરી હતી. આજે એ સ્થિતિ છે કે, હવે હાઈકોર્ટમાં ખાલી જગ્યાઓની સંખ્યા ઘટીને ૩૮૦ થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, જસ્ટિસ રમણાના પુરોગામી જસ્ટિસ એસએ બોબડે તેમના એક વર્ષના કાર્યકાળ દરમિયાન એક પણ નિમણૂક કરી શક્યા ન હતા. જોકે તેમનો આખો કાર્યકાળ કોરોના મહામારી દરમિયાન હતો પરંતુ નિમણૂકોને કોરોના સાથે કોઈ લેવાદેવા નહોતી. મુખ્ય મુદ્દો કોલેજિયમની સર્વસંમતિનો હતો. જસ્ટિસ રમણા ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ નિવૃત્ત થશે.

જસ્ટિસ રમણાએ કોલેજિયમની અંતિમ બેઠક ૨૫ જુલાઈ ૨૦૨૨ના રોજ આયોજિત કરી હતી. તેમાં તેમણે ૬ હાઈકોર્ટ માટે જજોના ૩૫ નામોની ભલામણ સરકારને મોકલી હતી. જેમાંથી આઠ નામ ન્યાયિક અધિકારીઓના છે.

આ પછી તેમણે બીજી બેઠક યોજી જે ત્રણ જજોને સુપ્રીમ કોર્ટમાં લાવવાની હતી પરંતુ આમાં સર્વસંમતિ સધાઈ શકી ન હતી. ત્યાર બાદ ૧ ઓગસ્ટના રોજ તેણે બીજો પ્રયાસ કર્યો હતો પરંતુ અન્ય ચાર જજો તેની સાથે સહમત ન થયા.

આ દરમિયાન કેન્દ્ર સરકારે તેમને પત્ર મોકલીને તેમના અનુગામીના નામની ભલામણ કરવા વિનંતી કરી હતી. જસ્ટિસ રમણાએ બીજા દિવસે તેમના અનુગામી માટે જસ્ટિસ યુયુ લલિતનું નામ સરકારને મોકલ્યું હતું. સરકારને નામ મોકલતાની સાથે જ તેઓ કોલેજિયમની બેઠકમાંથી દૂર થઈ ગયા હતા

## તંત્રી સ્થાનેથી...

# ડિજિટલ અર્થવ્યવસ્થાથી વધતો રોજગાર

હાલમાં જ સરકારે લોકસભામાં જણાવ્યું કે છેલ્લાં આઠ વર્ષોમાં ૨૨.૦૫ કરોડ લોકોએ કેન્દ્ર સરકારની વિભિન્ન નોકરીઓ માટે આવેદન કર્યાં અને તેમાંથી ૭.૨૨ લાખ લોકોને નોકરી મળી છે. સ્પષ્ટ છે કે કરોડો લોકોને સરકારી નોકરીઓ મળવી સંભવ નથી, પરંતુ નવી ડિજિટલ અર્થવ્યવસ્થામાં તે સંભવ છે. વિશ્વ પ્રસિદ્‌ધ મેકેન્ઝી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર ૨૦૨૫ સુધી ડિજિટલ અર્થવ્યવસ્થા અંતર્ગત લગભગ ૬.૫ કરોડ રોજગાર ભારતની નવી પેઢીને મળી શકે છે. તેમાં કેટલીય એવી નોકરીઓ હશે, જેનાથી આપણે પરિચિત નથી. જોકે તેના માટે કેટલીક વાતો પર ધ્યાન આપવું પડશે. સરકાર દ્વારા ચલાવાઈ રહેલ રોજગાર અને સ્વરોજગારની વિભિન્ન યોજનાઓ અને કાર્યક્રમોના માધ્યમથી રોજગારની વધુ તકો વધારવી પડશે. કરોડો યુવાઓને નવા કૌશલ પ્રશિક્ષણની સાથે મેન્યુફેક્ચરિંગ સહિત ડિજિટલ અર્થવ્યવસ્થાના નવા રોજગાર માટે તૈયાર કરવા પડશે. વિદેશમાં અનુકૂળ રોજગારની તકોને હાથમાં લેવી પડશે અને અસ્થાયી કે કોન્ટ્રાક્ટર પર કામ કરનારા શ્રમિકોના કામની દશા અને સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરીને આ ક્ષેત્રમાં રોજગાર વધારવો પડશે.

એ ધ્યાન રહે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગોમાં દોઢ વર્ષની અંદર ૧૦ લાખ નિયુક્તિનો નિર્દેશ આપ્યો છે. એ મહત્ત્વપૂર્ણ છે કે દેશમાં મોટી સંખ્યામાં યુવા સરકારી નોકરીઓમાં કારકિર્દી બનાવવી પોતાની પહેલી પસંદ માને છે. એવામાં કેન્દ્ર સરકાર દ્વારા મોટી સંખ્યામાં નોકરીઓની જાહેરાત એવા યુવાઓ માટે બહુ રાહતકારી નિર્ણય છે, પરંતુ ફક્ત એનાથી જ દેશમાં રોજગારના વધેલા પડકારોનો સામનો નહીં થઈ શકે. તેના માટે કેટલાંય રણનીતિક પગલાંની જરૂર પડશે.

કોરોના કાળમાં સરકારે ઉદ્યોગ-કારોબારથી ઘટતા રોજગારને બચાવવા માટે કેટલાંય પગલાં ઉઠાવ્યાં છે. જેમ કે આત્મનિર્ભર ભારત યોજના શરૂ કરવામાં આવી છે. તેનાથી સ્વરોજગારની સાથએ રોજગારને ઉત્તોજન મળ્યું છે. ઉત્પાદન આધારિત પ્રોત્સાહન (પીએલઆઈ) યોજનાઓ શરૂ કરવામાં આવી છે. એના પર પાંચ વર્ષમાં ૧.૯૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. તેમાં ૬૦ લાખ નવા રોજગાર સર્જન કરવાની ક્ષમતા છે. વડાપ્રધાન મુદ્રા યોજનાને સ્વરોજગારની સુવિધા માટે લાગુ કરવામાં આવી છે, જે અંતર્ગત ૧૦ લાખ રૂપિયા લોન આપવામાં આવે છે. આ લોનથી સૂ-મ અને લઘુ વ્યવસાય ઉદ્યમો અને વ્યક્તિઓને તેમની વ્યાવસાયિક ગતિવિધિઓને સ્થાપિત કરવા કે તેનો વિસ્તાર કરવામાં સક્ષમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એનાથી જૂન ૨૦૨૨ સુધી ૫૩.૨૩ લાખ લોકોને લાભ મળ્યો છે. તે ઉપરાંત મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્માર્ટ સિટી મિશન, વડાપ્રધાન રોજગાર સર્જન કાર્યક્રમ, શહેરી પરિવર્તન માટે અટલ મિશન, મનરેગા, દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્યા મિશન, રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન વગેરે યોજનાઓથી પણ રોજગારના અવસર વધ્યા છે.

# તુલસીદાસનાં પત્ની રત્નાવલીએ સ્ત્રીઓને આપેલ ઉપદેશ



શુભ વચન પણ સમય આવે ઝેર સાથે મળીને તે ઝેર રૂપે થાય છે અને સારા સંગથી રત્ન જેવું કામ આપે છે એટલે પોતાના અનુષંગી સાથે પણ વિચારીને વચન વિલાસ કરવો.પતિ વિયોગનું કઠણ દુઃખ સાધારણ સ્ત્રીઓ જાણી શકતી નથી, તે સ્ત્રી સદભાગી છે જેનો પ્રિય પતિ તેની પાસે છે, જેને નિત્ય નિરખીને તે નેત્ર શિતળ કરે છે અને હૈયામાં ઉલ્લાસ ભરે છે.ભોજન વસ્ત્ર ઘરેણાં અને ઘર એ સૌ પતિ વિના ગમતાં નથી,જીવન ભારરૂપ બની જાય છે અને પળે પળે જીવ અકળાય છે.પતિ એ જ ગતિ છે,પતિ જ ધન છે, પતિ મિત્ર છે પતિ જ ગુરૂ છે અને પતિ જ દેવતા છે.પતિના સુખને જે સુખ માને છે.પતિનું દુઃખ જોઇને જે દુઃખી થાય છે તે સ્ત્રી ધન્ય છે.તે સ્ત્રી ધન્ય છે જે દ્વૈતભાવ મુકીને બધું પતિરૂપ જ જુવે છે.

તમામ રસો કરતાં એક બ્રહ્મરસ મીઠો લાગે છે પરંતુ પતિ પ્રેમનો રસ સૌથી વધારે મીઠો છે.સ્ત્રી જીવનમાં તેના મનને ત્યાં સુધી કંઇ પણ રૂચીકર નથી જ્યાં સુધી પતિનો સ્નેહરૂપી રામરસ (લવણ) તેમાં ભળતો નથી કેમકે ભોજન મસાલેદાર હોવા છતાં મીઠા વિના ફિક્કુ લાગે છે.સ્ત્રી માટે પતિ સાચો શણગાર છે.પતિ વિના બધા શણગાર નકામા છે.સ્નેહ શીલ સદાચાર અને ધનથી રહીત કામી પતિ હોય તો પણ તે નારીના માટે પૂજ્ય દેવતા સમાન છે.આંધળો લૂલો રોગી દેવાદાર દરિદ્ર અને મુરખ પતિ હોય તો પણ તે નારી ભલા માટે પૂજ્ય દેવતા સમાન છે.ક્રુર કુટીલ રોગી દેવાદાર દરિદ્ર અને મુરખ પતિ મળવા છતાં સ્ત્રીએ દુભાવું નહી પરંતુ સતીએ તેનો નિભાવ કરવો.

વનમાં રહેનારી વાઘણ માંસ ખાય છે અને ઘણીવાર ભૂખી રહેવા છતાં ઘાસ ખાતી નથી તેવી જ રીતે સતી દુઃખ સહન કરીને પણ સુખ માટે પાપની કમાણી (વ્યભિચાર) કરતી નથી.દુઃખરૂપી કસોટી ઉપર કસવાથી જેનું ચારીત્ર વધુ નિર્મળ જણાય છે તે સ્ત્રી જગતમાં વખાણવા યોગ્ય છે.સતી બનવામાં આખું જીવન લાગી જાય છે પણ અસતી(વ્યભિચારી) બનવામાં જરાય વાર લાગતી નથી, નીચે પડવામાં શું વાર લાગે?

બાળપણથી દયા ધર્મ કૂળ અને વ્યવહારને સુધારવો જોઇએ નહિતર મોટા થયા પછી તે કઠણ થઇ પડે છે.નાચવું વિષયરસની વાતો ગીત સુગંધી દ્રવ્ય સેવન ઘરેણાં પહેરી બહાર ફરવું શરીર પર પ્રિતિ આળસ આ બધી વાતો કન્યાઓના હિતની નથી.માતા પિતા સંતાનમાં બાળપણથી જેવા સંસ્કાર આપે છે તે મોટા થયા પછી છોડાવ્યા છુટતા નથી.છોકરાઓ સાથે રમવું, હસવું, એકાંતે બેસવું આ બધી બાબતો કન્યાના ચારિત્ર્ય અને શીલને હરવાવાળી છે.કન્યાઓએ પોતાના નેત્ર વસ્ત્ર અને વચન નિર્મલ અને નીચાં ઢળતાં રાખવાં જોઇએ.હાંસી,ખાંસી,હેડકી,છીંક ખાવી,અંગ મોડવું,ઉંચા અવાજે બોલવું..આ બધી વાતો પોતાનાથી મોટાની સામે ન કરવી તથા ગુરૂજનોની સામે ઉંચા આસને ન બેસવું અને નેત્ર પણ ઉંચા ન કરવા.

પોતાના ઘરનો ભેદ, શરીર,ધન,સંજોગ,સુઓસડ, અન્ન,દાન,ધર્મ,ઉપકાર આ બધી વાતો ગુપ્ત રાખવી. સંસારમાં અનેક રત્ન છે પરંતુ શીલ સમાન કોઇ રત્ન નથી.પતિ ઘેર ના હોય ત્યારે સ્ત્રીએ હસવું, પારકા ઘેર જવું, નાચગાન જોવા જવું, શણગાર સજીને રંગારંગ ઉત્સવમાં સામેલ થવું.. આનાથી સ્ત્રીનું પતન થાય છે. ઝરૂખામાં બેસીને જોવું, ઘરના ઉંમરા ઉપર બેસવું, વાતો કરતાં મોટેથી હસવું.. આ બધી વાતો સ્ત્રીઓ માટે કલંકરૂપ છે.

ક્યારેય એકલા સંત પાસે પણ ના જવું કારણ કે સ્ત્રીને એકલી જોઇને સંતોનું જ્ઞાન પણ હવામાં ઉડી જાય છે.ઘેર ઘેર ફરવાવાળી સ્ત્રીઓ સાથે વાત ન કરવી તેમજ બહુ પ્રિતિ પણ ના રાખવી તથા ઘરનો ભેદ ના ખોલવો.ક્રોધ જુગાર વ્યભિચાર લોભ ચોરી દારૂ પીવો..આ બધા દુર્ગુણોથી સારી સ્ત્રીનું પણ પતન થાય છે.

બહુ હસનારી,બહુ બોલનારી ઘણી વાચાળ,સ્વાદ કરનારી અને બટકબોલી સ્ત્રીઓ ભારે કલંકિત થઇ દુઃખ પામે છે.ઉતરેલી (પતિત વ્યભિચારી) સ્ત્રીઓ સાથે ક્યારેય વેર કે સ્નેહ ના કરવો કારણ કે તે બંન્ને રીતે કલંકિત કરે છે.ફેરો ફરનારો અને ભિખારીઓનો ક્યારેય વિશ્વાસ ના કરવો.ઠગ લોકો એવું રૂપ ધરીને સ્ત્રીઓને ભરમાવી દે છે.અજાણ્યા માણસોનો ક્યારેય ભરોસો ના કરવો કે તેની આપેલી કોઇ ચીજ ના ખાવી તથા ઘરમાં તેમને રહેવા ના દેવા.ઘરના નોકર સાથે પણ કામ પુરતી જ વાત કરવી બહુ બોલવાથી તે નિષ્ઠુર બની જાય છે.જુઠું બોલવું અને માયા રચવી છોડી દો કારણ કે માયા રચવાથી અને જુઠું બોલવાથી ભગવાન શંકરે પણ સતી(પોતાની સ્ત્રી)નો ત્યાગ કર્યો હતો.સાહસથી ક્યારેય પતિની આજ્ઞા વિરૂદ્ધ કોઇપણ કાર્ય ન કરવું.આળસ ત્યજીને યથા સમય કામ કરી લેવું.હમણાં કરવાનું કાર્ય હમણાં જ કરી લેવું.

સ્ત્રીએ પ્રભાતે વહેલા ઉઠીને સાસુ-સસરા અને પતિના ચરણે નમીને આદર અને સ્નેહથી તેમની સેવા કરવી.સાસુ-સસરા અને પતિના ચરણકમળોની સેવા સ્ત્રીના માટે તીર્થરૂપ છે તેમની સેવાથી તે સંસારમાં યશ અને મૃત્યુ બાદ શુભ પવિત્ર દેવલોકને પ્રાપ્ત કરે છે.માતા-પિતા, સાસુ-સસરા, નણંદ અને પતિના કડવા બોલ પણ કડવી દવાની માફક પચાવી દેવાથી સંતાપો નાશ પામે છે.

જો પોતાના પિતા-જમાઇ-પૂત્ર-સસરા-દિયર અને ભાઇ યુવાન હોય તો તેઓની સાથે પણ ક્યારેય એકાંતમાં વાત ન કરવી.પોતાના પતિ સિવાયના જેટલા પુરૂષો છે તેમાંના નાનાને પોતાની સમાન, સરખાને ભાઇ સમાન અને મોટાને પિતા સમાન સમજવા જોઇએ.

બાળપણમાં પિતાને આધિન..યુવાનીમાં પતિને આધિન..વૈધવ્ય કે વૃદ્ધાવસ્થામાં પૂત્રને આધિન રહેવું કારણ કે જે સ્વાધિન રહે છે તે પતિત પાપી વ્યભિચારી થઇ જાય છે.પિતા-પતિ અને પૂત્રના કૂળથી જે જુદી રહે છે તે સ્ત્રીનું કલ્યાણ થતું નથી તે પતિત બનીને બંન્ને કૂળોનું માન ખોઇ બેસે છે.

જેમ નાની ચિનગારી કપાસનો ઢગલો બાળી દે છે તેમ એક નાનો કુસંગ પણ સ્ત્રીના પતિવ્રતા ધર્મનો નાશ કરી દે છે.સતી સ્ત્રીએ ક્ષણ માત્ર પણ કુલટા સ્ત્રીનો સંગ ના કરવો.

જે સ્ત્રી પરપુરૂષનું સેવન કરે છે તેને ધિક્કાર છે તેમજ સંસાર તેની નિંદા કરે છે.તેનો આલોક અને પરલોક બંન્ને બગડી જાય છે અને તે જન્મોજન્મ વિધવા થાય છે.જગદાધાર ઇશ્વર એક છે તેમ સ્ત્રીનો પતિ પણ એક જ છે.જે સ્ત્રી પોતાના મનમાં પારકા પુરૂષ વિશે વ્યભિચારનો વિચાર સરખો કરે છે તે કરોડો કલ્પો સુધી નરકમાં વાસ કરી કૂતરીનો જન્મ પામે છે.

પારકા પુરૂષ સાથે પ્રીતિ કરવાવાળી સ્ત્રી ધર્મ ધન ઘર સંતાન ચારિત્ર્ય અને કૂળનો નાશ કરે છે.સ્ત્રી ઘી થી ભરેલો ઘડો છે પુરૂષ સળગતો અંગારો છે માટે ઘી અને અગ્નિનો સંગ કરવો યોગ્ય નથી. જે સ્ત્રી સંતાનની કામનાથી પરપુરૂષ સાથે સંભોગ કરે છે તે નરકમાં પડે છે.

બાળકોને એવા સંસ્કાર આપો કે જેથી તે અવગુણી ના બને.દિન પ્રતિદિન ગુણોની વૃદ્ધિ થાય એનું નામ જ સાચો પ્રેમ છે.શસ્ત્ર શાસ્ત્ર વાજાં ઘોડા વચન સ્ત્રી એ અન્ય પુરૂષને મળતાં અયોગ્ય બની જાય છે. વિષયોનો ઉપભોગ કરવાથી શાંતિ મળતી નથી પણ અગ્નિમાં ઘી નાખીએ તેમ જ્વાળાઓ વધતી જ જાય છે.

ઘણા સ્ત્રી પુરૂષો બોર જેવા હોય છે, જે ઉપરથી મનોહર લાગે છે પરંતુ હૃદયમાં કામરૂપી ઠળીયો જ હોય છે. કેટલાક નારીયેલ જેવા ઉપરથી કઠોર લાગે પરંતુ અંદરથી કોમળ હોય છે. કોઇક સ્ત્રી પુરૂષ દ્રાક્ષ જેવા બાહ્ય ભિતર એક સરખાં હોય છે.

યુવાની..મોટાઇ..પુષ્કળ ધન અને અવિવેક..આ દરેક અનર્થ કારક છે તો પછી આ ચારેય ભેગા થાય પછી કહેવું જ શું? પોતાની યુક્તિથી જે દુષ્ટો અને મુરખાઓની વચ્ચે રહીને પતિવ્રતા ધર્મની રક્ષા કરે છે તે પતિવ્રતા સ્ત્રીના ચરણરજ બનવામાં મને ગર્વ થાય છે. પોતાનું કર્તવ્ય સમજીને પતિની નિષ્કામ સેવા કરે છે તેને તપ..તિર્થ અને વ્રતનું સંપૂર્ણ ફળ ઘેર બેઠાં જ મળી જાય છે.તારો પતિ નિત્ય પ્રભુનું ભજન કરે છે અને સ્ત્રી તે પતિનું સેવન કરે છે.આમ પતિના ભજનમાં સ્ત્રીનો ધર્મ સમાઇ જાય છે માટે મનમાં ભેદભાવ રાખવો નહી.પતિના ચરણારવિંદના સબંધ વિનાના બાકીના તમામ સબંધ વૃથા છે.

મન-વચન અને શરીરથી પતિના જ ચરણોમાં પ્રેમ કરવો એ સ્ત્રીના માટે બસ એક જ ધર્મ છે આ એક જ વ્રત છે.જે સ્ત્રી પતિની વિરૂદ્ધ ચાલે, પ્રતિકૂળ રહે, તેવી સ્ત્રી જ્યાં જ્યાં જન્મ લે ત્યાં ત્યાં યુવાવસ્થામાં જ વિધવા બને છે. સ્ત્રી જાતિ જે સહજ રીતે અપવિત્ર છે તે પતિની સેવા કરવાથી શુભ ગતિ પામે છે.

પતિને ઠગીને વિશ્વાસઘાત કરનારી સ્ત્રી..જે પારકા પુરૂષ સાથે પ્રેમ કરે છે અને શરીર સુખ (સંભોગ) માણે છે તે સો કલ્પો સુધી ×રૌરવ'' નામના નરકમાં પડે છે. વિષયોનું સેવન કરવાથી કામ..ભોગ ભોગવવાની મહેચ્છા દિવસે દિવસે વધારેને વધારે જાગ્રત થાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા,
પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# છઠ્ઠા-સાતમા સુધારા બિલની રજૂઆત બાદ હિંસા ફાટી નીકળી; તોફાનીઓએ વાનને સળગાવી દીધી

ઈમ્ફાલ,તા.૭

મણિપુરમાં રાજધાની ઈમ્ફાલ સહિત અનેક જિલ્લાઓમાં ઈન્ટરનેટ સેવાઓ ૫ દિવસ માટે બંધ કરી દેવામાં આવી છે. રાજ્યના વિષ્ણુપુર જિલ્લામાં શનિવારે સાંજે એક સમુદાયના ૩ થી ૪ લોકોએ એક વાનને આગ ચાંપી દેતાં જિલ્લામાં સાંપ્રદાયિક તણાવ પ્રવર્તી રહ્યો હતો. જેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. સરકારે આગામી બે મહિના માટે ચુરાચંદપુર અને વિષ્ણુપુરમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા છઠ્ઠા અને સાતમા સુધારા બિલનો લોકો વિરોધ કરી રહ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, તણાવગ્રસ્ત વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા અને શાંતિ જાળવવી તેમની પ્રથમ પ્રાથમિકતા છે. રાજ્યના ગૃહ મંત્રાલયના વિશેષ સચિવ એચ જ્ઞાન પ્રકાશનું કહેવું છે કે કેટલાક અસામાજિક તત્વો રાજ્યમાં સોશિયલ મીડિયા દ્વારા નફરત ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સાંપ્રદાયિક તણાવની અપેક્ષાએ, શનિવારે વિષ્ણુપુર જિલ્લામાં કેટલાક અજાણ્યા લોકો દ્વારા એક વાનને સળગાવી દેવામાં આવી હતી. રાજ્ય સરકારે ઈન્ટરનેટ સેવા પર ૫ દિવસ માટે પ્રતિબંધ મૂક્યો છે.

સાંપ્રદાયિક તણાવની અપેક્ષાએ, શનિવારે વિષ્ણુપુર જિલ્લામાં કેટલાક અજાણ્યા લોકો દ્વારા એક વાનને સળગાવી દેવામાં આવી હતી. રાજ્ય સરકારે ઈન્ટરનેટ સેવા પર ૫ દિવસ માટે પ્રતિબંધ મૂક્યો છે.

ખરેખરમાં, મંગળવારે મુખ્યમંત્રી એન બિરેન સિંહની આગેવાની હેઠળની ભાજપ સરકારે મણિપુર (પહાડી વિસ્તારો) જિલ્લા પરિષદ છઠ્ઠા અને સાતમા સુધારા બિલ રજૂ કર્યા હતા. દેખાવકારોના મતે, આ બિલ તેમની માંગણીઓને અનુરૂપ નથી. જેની સામે ઓલ ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ યુનિયન મણિપુર ઘણા દિવસોથી હોબાળો કરી રહ્યું છે. શનિવારે, એટીએસયુએમએ ઈમ્ફાલ સહિત ઘણા જિલ્લાઓમાં ભારે હોબાળો મચાવ્યો હતો. આ દરમિયાન અનેક વાહનોમાં તોડફોડ અને આગચંપી કરવામાં આવી હતી. પોલીસ કાર્યવાહીમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા.

# યોગી સરકારના મંત્રી કોર્ટ સજા સંભળાવે તે પહેલા સજાની ફાઈલ લઈને ભાગી ગયા

લખનૌ,તા.૭

યુપીઁના કેબિનેટ મંત્રી રાકેશ સચાન કાનપુર કોર્ટમાંથી સજાના આદેશની ફાઈલ લઈને ભાગ્યા બાદ ચર્ચામાં છે. શનિવાર બપોરથી તે કોઈના સંપર્કમાં નથી. રાજ્યની રાજધાની લખનૌમાં તેમની સરકારી કોઠી છે અને તેમનું નિવાસસ્થાન કાનપુરમાં છે. પરંતુ તેમના લોકો મંત્રી વિશે કંઈપણ કહેવાનું ટાળી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મંત્રીની લખનૌ સ્થિત સરકારી કોઠી પર હાજર કર્મચારી ગિરધારીએ જણાવ્યું કે, સાહેબ છેલ્લા બે-ત્રણ દિવસથી આવાસ પર આવ્યા નથી. જો કે, તેમણે એમ પણ કહ્યું કે મંત્રીઓ અહીં રોજ સવારે જનતા દરબાર કરે છે.

જ્યારે, એવું જોવા મળ્યું કે મંત્રીના સત્તાવાર નિવાસસ્થાન પર બે પોસ્ટર લગાવવામાં આવ્યા છે, જેમાં લખ્યું છે - સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી જનતાને મળવાનો સમય. જ્યારે આજે (રવિવાર) સવારે ૯:૧૫ છે. પણ ઘરમાં પબ્લિક નથી, દરબાર નથી કે મંત્રી નથી. તપાસ કરતાં સરકારી કોઠીના બીજા છેડે ગેટ પર હાજર સિકયોરિટી ગાર્ડ રામયશ યાદવ વારંવાર ગેટ બંધ કરતો અને ખોલતો જોવા મળ્યો હતો અને તેણે કહ્યું હતું કે મંત્રી અહીં ૩-૪ દિવસથી નથી. જ્યારે અમે કોર્ટ કેસની માહિતી માંગી તો તેમણે કહ્યું કે અમે બધાએ આજે સવારે અખબારમાં આ સમાચાર વાંચ્યા છે અને ત્યારે જ અમને ખબર પડી. જોકે, મંત્રીના કેટલાક સંબંધીઓ ઘરની અંદર જોવા મળ્યા હતા, જેઓ કેમેરા જોઈને અંદર ચાલી ગયા હતા.

સૂત્રો દ્વારા મંત્રી રાકેશ સચાનને ફોન કરતા તેણે ફોન પર કહ્યું કે, 'હું અત્યારે કાનપુરના ઘરે છું અને બપોરે જ મળી શકીશ.' મંત્રી સચાને કહ્યું કે, 'આજે સવારે ૧૧ વાગે આ મામલે તેમની ઝસ યોગી સાથે વાત થવાની છે, અને તે પછી તેમને લખનૌ પણ બોલાવવામાં આવી શકે છે.' આ વાતચીત દરમિયાન રાકેશ સચાને મીડિયા પર આક્ષેપ કરતા કહ્યું કે, 'તમારા મનમાં જે આવે તે ચલાવી રહ્યા છો.'

યુપીઁ સરકારમાં ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રીને ગેરકાયદેસર હથિયારના એક જૂના કેસમાં શનિવારે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ પછી એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ-૩ કોર્ટ સજા સંભળાવે તે પહેલા જ મંત્રી પોતાના વકીલની મદદથી સજાની મૂળ નકલ લઈને ભાગી ગયો હતો. હવે કોર્ટના રીડરે મંત્રી વિરુદ્ધ ફ્રૈંઈ માટે કોતવાલીમાં ફરિયાદ કરી છે.

કાનપુરના જોઈન્ટ કમિશનર આનંદ પ્રકાશ તિવારીએ કહ્યું કે, કોર્ટના રીડર કામિની તરફથી ફરિયાદ અરજી મળી છે. આ મામલે તપાસ ચાલી રહી છે. જો કે, રાકેશ સચાન પર દાવો ક્યારે દાખલ કરવામાં આવશે? આ અંગે પોલીસ અધિકારીએ કોઈ જવાબ આપ્યો ન હતો. કોર્ટમાંથી મંત્રી રાકેશ સચાનની વિદાયનું કારણ તેમની ખરાબ તબિયત હોવાનું કહેવાય છે. જ્યારે મંત્રીએ પોતે દાવો કર્યો હતો કે, અંતિમ નિર્ણય માટે કોઈ બાબત સૂચિબદ્ધ નથી, તેથી તેઓ કોર્ટમાંથી બહાર નીકળી ગયા. રાકેશ સચાને ગુપ્ત રીતે કોર્ટરૂમ છોડવાના આરોપોને નકારી કાઢ્યા હતા.

રાકેશ સચાને સમાજવાદી પાર્ટીમાં જોડાઈને રાજકીય દાવની શરૂઆત કરી હતી. તેઓ વર્ષ ૧૯૯૩ અને ૨૦૦૨માં ઁની ઘાટમપુર વિધાનસભામાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ તેઓ કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર ફતેહપુર બેઠક પરથી ૨૦૦૯ની લોકસભા ચૂંટણી જીત્યા. આ પછી સચાન ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. હાલમાં, રાકેશ સચાન કાનપુર દેહતની ભોગનીપુર વિધાનસભા સીટના ધારાસભ્ય છે અને રાજ્યના યોગી કેબિનેટમાં ખાદી, ગ્રામોદ્યોગ, રેશમ ખેતી, હેન્ડલૂમ અને ટેક્સટાઈલ ઉદ્યોગ મંત્રી છે.

## દેશમાં ૩ દિવસ સુધી ભારે વરસાદની આગાહી: પશ્ચિમ અને મધ્ય ભારતમાં એલર્ટ,ઓડિશા-તેલંગાણામાં મુશ્કેલભરી સ્થિતિ ઉભી થશે

નવીદિલ્હી,તા.૭

દેશના મોટાભાગના રાજયોમાં ચોમાસુ સક્રિય છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, પશ્ચિમ અને મધ્ય ભારતમાં ૭, ૮ અને ૯ ઓગસ્ટના રોજ ભારે વરસાદની શક્યતા છે. શનિવારે ઓડિશાના ખોરધામાં મુશળધાર વરસાદ બાદ રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે સ્થિતિ એવી બની હતી કે ઓડિશાના જતની અંડરપાસમાં ફસાયેલી સિટી બસ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જો કે બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

મધ્યપ્રદેશમાં લાંબા વિરામ બાદ શનિવારથી વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો હતો. આ દરમિયાન વીજળી પડવાથી ૭ લોકોના મોત થયા હતા. જેમાંથી ગંજબાસોદામાં ૪ અને સતનામાં ૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા બે દિવસમાં ભોપાલ-ઈન્દોરમાં ભારે વરસાદ પડ્યો હતો. ઈન્દોરમાં સૌથી વધુ ૪ ઈંચ વરસાદ પડ્યો હતો. ભોપાલમાં ભદભદા ડેમના દરવાજા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. ગુના, રતલામ, સાગર, નરસિંહપુર, ઉજ્જૈન, માલાજખંડ, નૌગાંવ અને ખજુરાહોમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ થયો હતો. ઈન્દોરના રાજેન્દ્ર નગર વિસ્તારમાં ભારે પવન અને પાણી વચ્ચે ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટના પોલ પર એક ઝાડ પડી ગયું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજથી સમગ્ર એમપીમાં ચોમાસુ સિસ્ટમ ફરી સક્રિય થશે. ૭ ઓગસ્ટ સુધીમાં બંગાળની ખાડીમાં લો પ્રેશરનું ક્ષેત્ર બનશે. જેના કારણે ૮ ઓગસ્ટથી ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. ૧૯ થી ૨૫ ઓગસ્ટ સુધી ગ્વાલિયર-ચંબલ, બુંદેલખંડ, બઘેલખંડ, મહાકૌશલ અને નર્મદાપુરમમાં ઝરમર વરસાદ પડશે.

રાજસ્થાનમાં સતત ત્રીજા દિવસે પણ અનેક જિલ્લાઓમાં સારો વરસાદ થયો હતો.



ભોળવાઈ ગયો તો વાતમાં, કે તું પ્રેમની પુજારણ હશે,
શી ખબર કે ચહેરા પર ચહેરામાં જૂઠું શાણપણ હશે.
મારાય દિલ દરિયામાં, પ્રેમનું ઘોડાપૂર ઉમટ્યું 'તુ,
ડૂબી ગઈ'તી તું તારા જ સ્વાર્થમાં, એ અકારણ હશે.
આંસુડા ય તારા હું, ગંગાના નીર સમજી પી ગયો'તો,
કહી દે બધું નાટક હતું, મારા સાચા પ્રેમનું મારણ હશે.
ખબર છે તને? ધખધખતા અંગારામાં ચાલવાનું વચન,
છે તું બેવફા તને શું કહું, આતો મારું જ ગાંડપણ હશે.
યાદ કર હજારવાર કહ્યું'તુ, વચનનો પાક્કો છે "કીર્તિ",
જો ઓઢીશ હું અગન પીછોડી, તો તું જ કારણ હશે.
કનું. પ્રણામી. "કીર્તિ". (ભિલોડા ગુજરાત )

## હર ઘર તિરંગાની સાથે ભાજપ બતાવે કે હર ઘર રોજગાર કબ : મુકેશ સહની

પટણા,તા.૭

બિહારના પૂર્વ મંત્રી મુકેશ સહનીની પાર્ટીએ એકવાર ફરી ભાજપ પર પ્રહારો કર્યા છે વિકાસશીલ ઈસાન પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ દેવ જયોતિએ ભાજપના હર ઘર તિરંદા અભિયાનને બેરોજગારીથી જોડતા કહ્યું કે હર ઘર તિરંગા પહોંચાડવા ઠીક છે પરંતુ પાર્ટીએ એ પણ બતાવવું જોઇએ કે હર ઘર રોજગાર કયાં સુધી પહોંચશે

પાર્ટીના પ્રવકતા દેવ જયોતિએ એક નિવેદન જારી કરી રહ્યું છે કે એક સર્વેક્ષણ અનુસાર ગામનો દરેક ત્રીજો વ્યક્તિ જયારે શહેરનો દરેક ૧૦મો વ્યક્તિ બેરોજગાર છે.આવી સ્થિતિમાં હવે હર ઘર તિરંગા તો લાગી ગયા હવે સરકાર એ પણ બતાવે કે હર ઘર રોજગાર કયાં સુધી પહોંચશે વીઆઇપી નેતાએ કહ્યું કે બેરોજગારી સમાપ્ત કર્યા વિના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભારતને વિશ્વ ગુરૂ બનાવવાનું સપનુ પુરૂ કરી શકાશે નહીં.દેશમાં ગામની કુલ સંખ્યા લગભગ ૬.૫૦ લાખ છે સરકારે એ ઓળખ કરવી પડશે કે કયાં સ્વરોજગાર જરૂરી છે અને કયાં રોજગારના સાધન ઉપલબ્ધ કરાવી શકાય છે.દેવ જયોતિએ કહ્યું કે હવે દેશના બાળકોને મફત પેન્સિલ નહીં પરંતુ યુવા થવા પર રોજગાર જોઇએ ત્યારબાદ તે ખુદ જ દેશ અને પોતાની તકદીરને બદલી શકે છે.


# ભાજપ ધનબળ દ્વારા લોકતંત્રને પોતાના ખિસ્સામાં રાખવા ઈચ્છે છે : મુખ્યમંત્રી હેમંત સોરેન

રાંચી,તા.૭

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો છે.તેમણે કહ્યું કે ભાજપ ધનબળ દ્વારા લોકતંત્રને પોતાના ખિસ્સામાં રાખવા ઈચ્છે છે.તે લોકતાંત્રને ખરીદવા ઈચ્છે છે.મહારાષ્ટ્રથી લઈ ઝારખંડ સુધી તે ફકત સરકાર બનાવવા અને તોડવાના એકમાત્ર એજન્ડા પર કામ કરી રહી છે.તેમણે પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોની ધરપકડ પર કહ્યું કે કાનુને પોતાનું કામ કર્યું છે.

તેમણે કહ્યું કે ઝારખંડની રાજનીતિનો પારો ખુબ ગરમ થઇ શકે છે પરંતુ અહીંના તવા પર રોટી બનાવવાની ક્ષમતા બધામાં નથી તેમણે કહ્યું કે રાજય અલગ મેટલનો બનેલ છે અહીં કોઈની દાળ ચઢે તેમ નથી ઈડીની કાર્યવાહીનો લઇ સોરેનનો કહ્યું કે જનતા માટે અભિયાન ચલાવનારાઓની સાથે આમ જ થતું રહે છે તેમણે કહ્યું કે ગુરૂજી (શિબુ સોરેન)ની સાથે પણ અનેક પ્રકારના જુલ્મ થયા છે પરંતુ તેમની લોકપ્રિયતા વધતી જ ગઇ છે તેમણે કહ્યું હતું કે તેઓ અને તેમના કાર્યકર્તા ભાજપના દરેક કાવતરાનો જવાબ આપશે

મુખ્યમંત્રીએ ઝારખંડ સરકાર તોડવાના આરોપ પર કહ્યું કે ભાજપ ચોક્કસ પણે એ વાતનો ઈન્કાર કરે છે પરંતુ ઝારખંડમાં જે ખેલ થઇ રહ્યો છે તેની પાછળ એજ છે.ગોવાબાટીથી જયારે મહારાષ્ટ્રમાં સરકાર તોડવાનો ખેલ ખેલાયો હતો તે સમયે પણ ભાજપે તેનો ઈન્કાર કર્યો હતો કે તે આ તમામ વસ્તુઓથી દુર છે.સોરેને કહ્યું કે ભાજપ ફકત હિન્દુ મુસ્લિમ વિવાદ અને ભારત પાકિસ્તાન કરવામાં લાગી છે લોકોને તેનાથી કોઇ મતલબ નથી તેમણે કહ્યું હતું કે જનતા સૌથી મહત્વપૂર્ણ છે તેમની અદાલતમાં ન્યાય જરૂર મળશે. મુખ્યમંત્રીએ ગેરકાયદેસર મામલામાં ઈડીની કાર્યવાહી પર કહ્યું કે તેમના નજીકનાઓ પર કાર્યવાહી થઇ રહી છે પરંતુ ઈડીથી પણ ઉપર કોર્ટ છે.ઈડી પોતાના આપમાં કોર્ટ નથી કે સાચુ ખોટાનો નિર્ણય કરી લે તેમણે કહ્યું કે હવે એક નવી વસ્તુ જોવા મળી રહી છે કે એક રાજયની પોલીસ બીજા રાજયથી લડી રહી છે હકીકતમાં ઝારખંડ કૈશકાંડ મામલામાં આસામ અને દિલ્હી તપાસ કરવા આવેલ પશ્ચિમ બંગાળની સીઆઇડીની ટીમને પોલીસે હિરાસતમાં લઈ લીધા હતાં.




હેત ભીની હું ક્ષણ મોકલું,
ભઈલા મારા વ્હાલ મોકલું.
રૂડો અવસર સોહામણો,
ઘણી બધી હું યાદ મોકલું.
થાય સાકાર જોયેલા બધાં,
શમણાંને તારા દુવા મોકલું.
ફુલેફાલે રોજ હેત આપણું,
ગમતા તને હું વરદાન મોકલું.
લંબાવ સ્નેહથી હાથ વીરા,
લાગણી તણી રક્ષા હું બાંધુ.
અમરીશ શુક્લ (રાજકોટ)



જળમાં તરી તરીને
આ માછલી ન થાકી જળમાં તરી તરીને
આવ્યા કાંઠે જુઓને મોજાં વળી વળીને
લોકો અહીં કરે છે કુંભારની પ્રશંસા
કે માટલા બનાવ્યા માટી ઘડી ઘડીને
દીવાસળી કહે શું દીવા વિશે લે સાંભળ
ભૂંસે તમસના રંગો દીવો બળી બળીને
ઝાઝો સમય-ખજાનો ખૂટે નહીં કદાપિ
પળ હાથમાં અમારા સોંપે ગણી ગણીને
જો રામસેતુ પાસે શું ખિસકોલી કરતી?
એ પીઠથી ખંખેરે રેતી ભરી ભરીને.
હરીશ જસદણવાળા (રાજકોટ)



વિરહમાં
હૃદયમાં ઊઠતી પીડા દઝાડે છે વિરહમાં,
વરસતા વાદળો પણ આજ બાળે છે વિરહ
વરસતો હો મૂશળધારે ગગનથી મેહુલિયો
નયન ત્યારે ઘણી યારી નિભાવે છે વિરહ
થતાં ચમકાર વીજળીનો, હૃદય થડકી રહેતું ;
સનમની યાદ અંધારા સજાવે છે વિરહમાં.
રહેશે રંજ કાયમ એક વાતે જિંદગીથી,
મિલનની ચાહમાં શ્વાસો વિતાવે છે વિરહમાં.
ઘણાંએ પ્રેમથી વરસાદમાં ભીંજાયા'તા જ્યાં,
પ્રણયનું એ મિલન અનહદ રડાવે છે વિરહમાં.
દક્ષા રંજન (અમદાવાદ)



ગઝલ
શીર્ષકઃ- કરગરવા નથી દેતા
મૂકી અગ્નિની વચ્ચે, દેહને બળવા નથી દેતા,
ચિતાનાં લાકડાઓ આગને ઠરવા નથી દેતા.
રમ્યા છે ખૂબ સંતાકૂકડી સંબંધમાં સઘળાં,
છતાં થપ્પો તો કોઈ ખુદનો કરવા નથી દેતા!
કે ક્યાં સુધી આ ચકલાં આવશે ઘર આંગણે તારા?
સુખેથી દાણ ચણના પાંખને ચણવા નથી દેતા!
લખી છે નોખાં નોખાં છંદમાં છોંતેર ગઝલો પણ,
આ શબ્દો દાદ માટે કો'દિ કરગરવા નથી દેતા.
કરે કોશિશ જે કઠપૂતળી કરવાની 'એન્જલ'ને,
એ ધાગા આંગળીમાં કોઈની ટકવા નથી દેતા.
આરતી રામાણી 'એન્જલ'
બેંગ્લોર



Happy Friendship Day
પ્રત્યેકના નસીબમાં એવાય મિત્ર છે
આંખોની સામે હોય અને ઓળખાય નહીં
ભાવિન ગોપાણી
અમે પણ ભાઈચારાની તરફદારી કરી લીધી
જૂની દીવાલની વચ્ચે નવી બારી કરી લીધી
અમે સારુ કર્યું કે મિત્રતાનો છોડ તો રોપ્યો,
તમે સારુ કર્યુ એ છોડને ક્યારી કરી લીધી.
ભાવિન ગોપાણી
ભલેને યુધ્ધના બહાને, જરા નજદીક તો આવે,
અમારા શત્રુઓને મિત્ર બનતા વાર નહીં લાગે.
ભાવિન ગોપાણી
હું ઉદાસીના કુવે ડૂબ્યો છું મિત્ર,
નાખ તારી હાજરીનું દોરડું.
ભાવિન ગોપાણી
મિત્રોની મિત્રતા ને તારી મહેરથી છે ,
આ જિંદગી વિતાવી મેં પણ લહેરથી છે.
ભાવિન ગોપાણી
વાદળો ગરજે ઉભા રહેવું પડે.
આપણી તરસે ઉભા રહેવું પડે.
હોય છો ને વાત ખોટી કે ખરી,
દોસ્તની પડખે ઉભા રહેવું પડે.
ભાવિન ગોપાણી
ઈશ્વર બોલ્યો કે રાખો થોડી ચીજો જન્નત માટે,
થોડા મિત્રો, થોડી વાતો, ચાની લારી રાખી છે.
ભાવિન ગોપાણી
આજીવન પ્રેમ તો ટકે ક્યાંથી ?
મિત્રતા હોત તો જીવનભર હોત
ભાવિન ગોપાણી
બંનેમાં પછી પીઢતા એવી તો વધી ગઈ
જીવે છે હવે મિત્રતા વહેવાર બનીને
ભાવિન ગોપાણી
તમારો મિત્ર આ પહેલા રહી ચૂક્યો છે મારો મિત્ર
એ રહેશે ક્યાં સુધી હખણો તમે પૂછો તો હું કહુને
ભાવિન ગોપાણી
જાણી ગયો ભલે તું કોઈ ભેદ મિત્રનો
સિક્કાની જેમ કેમ ઉછાળે બજારમાં?
ભાવિન ગોપાણી
સરળ કરતો રહે છે મિત્ર મારું કામ આગળનું
જરા માંદો પડું ત્યાં તો એ ખાડો ખોદવા લગે
ભાવિન ગોપાણી
ભલે એ મિત્ર હમેંશા રહ્યો છે શંકામાં
કસૂરવાર ઠરે તો મજા નહી આવે
ભાવિન ગોપાણી (અમદાવાદ)

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



શીર્ષક.. મહાદેવ...

શ્રાવણ માસ એટલે ભક્તિ પૂજા ઉપવાસનો માસ મહાદેવના મંદિરમાં ભીડ સોમવારે ભગવાને પણ આશ્ચર્ય થાય એટલી ભીડ,આ લોકો દરરોજ ક્યાં હોય છે,દરેક વ્યક્તિ શિવમય બની જાય છે,એક મહિનો એવો ભક્તિમય બનાવે કે દરરોજ પૂજા કરે ઉપવાસ કરે મંદિરે જાય,એમની ભક્તિથી શિવજી પ્રસન્ન થઈ જવાના હોય એટલો આનંદ હોય,પણ એ બધું શ્રાવણ માસ પુરતુજ હોય,ખરેખર શિવની ભક્તિ અને શિવમય જેને બનવું છે એને કોઈ ખાસ મહિનાની જરૂર નથી પડતી,શિવમય એજ બની શકે જે દરરોજ સંસાર માં રહી થોડું થોડું ઝેર,અપમાન,અને અવગણના સહન કરીને પણ પ્રસન્ન રહેતા હોય

અને લોકોનું સારુજ ઈચ્છતા હોય,

દરેકને મદદ રૂપ થતા હોય,જે સંસાર રૂપી જીવનનું ઝેર પચાવી જાણે એ

શિવ સ્વરૂપ કાયમ માટે પૂજવા યોગ્ય થઈ જાય છે,

નયના પટેલ..

-----------------------------------

NOG SS No : ૦૧૧૦
પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ
વિષય : શ્રાવણના સરવૈયા-શિવજીનું મહત્વ
શબ્દો : ૩૪૦
શીર્ષક : 'શ્રાવણમાં શિવપૂજાનું મહત્વ'
લેખકનું નામ :નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

હિંદુ ધાર્મિક માન્યતાઓ પ્રમાણે શ્રાવણ માસનું શિવભક્તોમાં એક અનેરૂં મહત્વ છે. દેવપોઢી એકાદશી પછી ચાતુર્માસની શરૂઆત શ્રાવણ મહિનાથી થાય છે.

શ્રાવણ મહિનામાં શિવ ઉપાસના અને શિવપૂજા પૂરી શ્રદ્ધાથી કરવામાં આવે છે. શ્રાવણ માસમાં શિવપુરાણ અને દેવીભાગવતનું પઠન અને શ્રવણ કરવામાં આવે છે. ઠેરઠેર શિવ મંદિરોમાં ભગવાન શિવની પૂજા-અર્ચના કરવામાં આવે છે. લઘુરુદ્ર, મહારુદ્ર અને અતિરુદ્રના પાઠ કરવામાં આવે છે અને રુદ્રાભિષેકની પૂજા યોજવામાં આવે છે.

શ્રાવણ મહિનાનો દરેક દિવસ ખાસ હોય છે પરંતુ શ્રાવણીયા સોમવારની એક અલગ જ મહત્તા છે. સોમવાર શિવને ખૂબ પ્રિય છે. જે ભક્તો આખા શ્રાવણ માસનું વ્રત ન કરી શકતા હોય તો તેઓ શ્રાવણ માસના પ્રત્યેક સોમવારનું વ્રત જરૂર કરે છે. એવું કહેવાય છે કે પૂરી શ્રદ્ધાથી શ્રાવણના સોમવારનું વ્રત કરવાથી આખા વર્ષની શિવપૂજાનું ફળ પ્રાપ્ત થાય છે. વળી શ્રાવણ માસમાં અસંખ્ય તહેવારોની શૃંખલા શરૂ થઈ જાય છે. જેમ કે રક્ષાબંધન, નાગ પંચમી અને જન્માષ્ટમી જેવાં તહેવારો એક વિશેષ ધાર્મિક મહત્વ ધરાવે છે.

શ્રાવણ માસની એક ખાસિયત એ છે આ માસમાં નદીઓ નવા નીરથી છલકાવા લાગે છે. ભોળાનાથ શિવજીને શ્રાવણ માસ વધુ પસંદ છે કારણ કે શ્રાવણમાં વાતાવરણમાં જળ તત્વ રહેલું છે. શ્રાવણના ખાસ દિવસો ઉપર ભક્તો તીર્થસ્નાન કરે છે.

ભારત દેશના પ્રમુખ તીર્થસ્થાન હરિદ્વાર, ઋષિકેશ, ગંગાસાગર, ગંગોત્રી અને કાશીમાં આ દિવસોમાં કાવડયાત્રા પણ નીકળે છે અને તેમાં નદીનું પવિત્ર જળ ભરીને શિવજીનો રુદ્રાભિષેક થાય છે. એક પૌરાણિક માન્યતા અનુસાર દેવ અને દાનવો વચ્ચે સમુદ્રમંથન પણ આ જ પવિત્ર શ્રાવણમાસમાં થયું હતું.

આ સમુદ્રમંથનમાંથી ૧૪ રત્નો નીકળ્યા જેમાંનું એક હળાહળ વિષ પણ હતું જે સૃષ્ટિના હિતમાં શિવજીએ પોતાના કંઠમાં ગ્રહણ કર્યું હતું. આમ ભગવાન શિવ નીલકંઠ તરીકે ઓળખાયા. આ વિષની ઉષ્ણતાને શાંત પાડવા શિવજીએ ગંગાજી અને ચંદ્ર જે બંને સોમ તત્વ છે તેને પોતે ધારણ કર્યા. આજ કારણે શિવજીને ઠંડક પહોંચાડવાના હેતુથી ભક્તો દ્વારા શિવજી ઉપર જળ અને દૂધનો અભિષેક કરવામાં આવે છે. શિવજીને પૂજામાં બિલિપત્ર અર્પણ થાય છે.

દેવોમાં મહાદેવ સર્વ શ્રેષ્ઠ કહેવામાં આવ્યા છે. 'ૐ નમઃ શિવાય' એ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર કહેવાય છે. શિવ એ આદિ અનાદિ મૂળ તત્વ છે. એવી માન્યતા છે કે શિવજીની પૂજા વગર બીજા કોઈ પણ દેવી દેવતાઓ તેમની પૂજા સ્વીકારતા નથી. શિવપૂજાથી ભક્તોની તમામ મનોકામના પૂર્ણ થાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૭ ઓગસ્ટ ૨૦૨૨

-----------------------------------

NOG SS No -119
શબ્દ : શ્રાવણ ના સરેવડા
પ્રકાર : ગદ્ય
શિર્ષક : શંભુ ભોળા ને પ્રાર્થના
'શંભુ ભોળા ને પ્રાર્થના'

અત્યારે હિન્દુધર્મનો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે.જેમા દાન પૂણ્ય કમાવાનો શ્રેષ્ઠ અવસર ગણાય છે. હિન્દુધર્મનો નાનામાં નાનો માણસ પણ શિવશંકર ભોળાશંભુ ના દર્શન કર્યા વગર રહી શકતો નથી. આઝાદી મળ્યા ને ૭૫ વર્ષના વહાણા વહી ગયા અને સમગ્ર દેશમાં આઝાદી નો અમૃત મહોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે દેશનો તમામ નાગરિક ગૌરવ અનુભવે છે અને ઘરઘર ત્રિરંગો લહેરાવવા આતુર છે.દેશની આન-બાન અને શાન જાળવવા ગૌરવ અનુભવે છે. એકબીજાને ખભેખભો મિલાવી રાષ્ટ્રીય પર્વની ઉજવણી ધામધૂમથી અને હોંશથી કરતો આવે છે અને આજીવન દેશની ખુમારી માટે કરતો પણ રહેશે...

ભારત એ બિનસાંપ્રદાયિક ની સાથે હિન્દુસ્તાન દેશ પણ ગણાય છે. જ્યાં અનેક દેવ - દેવતાઓ અને દેવોના દેવ મહાદેવ ની પણ પુરી આસ્થા થી પૂજા અર્ચના કરાય છે, એટલું જ નહીં પરંતુ શ્રાવણ માસમાં મહાન ગ્રંથ મહાભારત નું વંચક થાય તે ઉપરાંત બ્રાહ્મણો ને દાન દક્ષિણા અપાય છે તેમ છતાંય જ્યારે ભારતના ગામડાઓમાં શંકરનાં મંદિરમાં ગાંધીબાપુએ ગણાવેલા હરિજનોને શિવના મંદિરે જવાનો પ્રતિબંધ છે તે ભોળાનાથ મુક્ત ક્યારે કરાવશો તેની આતુરતાથી રાહ જોવાઈ રહી છે...!!!

સમુદ્રમંથન માંથી નિકળેલુ ઝેર પી ને નિલકંઠ કહેવાયા હોય તો તમારા જ ધર્મના લોકો અપમાનનુ ઝેર સદીઓથી પીતા આવે છે તેમને માટે મંદિર પ્રવેશ કરાવી તમારા દર્શન કરાવશો તેવી આશા છે. ભોળાનાથ ગમે તેને પ્રસન્ન થઈને મનોકામના પૂર્ણ કરો છો ત્યારે તમારા દરિદ્રનારાયણની દયા કરી તેમના દુ:ખનું નિવારણ તમારા પવિત્ર શ્રાવણ માસમાં કરાવશો તેવી શંભુ ભોળા ને અંગત પ્રાર્થના છે...!!!

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

-----------------------------------

NOG SS No/0044
વિષયઃ- શ્રાવણના સરવૈયા
પ્રકારઃ- ગદ્ય
શબ્દોઃ- ૨૩૪
શીર્ષકઃ- અમૃતેશ્વર મંદિર.

શ્રાવણ માસ એટલે હિંદુઓ માટે પવિત્ર મહિનો,મહાદેવની ભક્તિનું મહત્વ. ઠેરઠેર શિવાલયો હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠે.આ મહિનામાં ભક્તો પાંચ,સાત, કે બાર મહાદેવના દર્શન કરવા જાય.

આજે હું તમને એક ખુબ જ સરસ શિવાલયની માહિતી આપવા જઈ રહી છું.લગભગ દસેક દિવસ પર જ મેં મારી સખીઓ સાથે આ? શિવાલયની મુલાકાત લીધી.

મહારાષ્ટ્રમાં નાસિક જિલ્લામાં અકોલા તાલુકાના રતનવાડી ગામમાં આવેલું અમૃતેશ્વર મંદિર.આ મંદિરમાં એકદમ શાતિ હોય છે, આજુબાજુનો વિસ્તાર સૌંદર્યથી ભરપૂર.મદિરનું સ્થાપત્ય સરસ. મંદિર સુધી જંગલમાં

થઈને જવાનું અદભૂત સૌંદર્ય.આ મંદિરને લગતી થોડી માહિતી સ્થાનિક લોકો પાસેથી મળી થોડી માહિતી ગૂગલ પાસે મેળવી છે અંહી રજૂ કરી છે.

અમૃતેશ્વર મંદિર જટિલ કોતરણી વાળું ૧૨૦૦થી વધુ વર્ષ જુનું સુંદર મંદિર છે.નવમી સદીમાં શિલાહાર વંશના શાસકો દ્વારા બનાવવામાં આવ્યું હતું.રાજા ઝાંઝ દ્વારા બાંધવામાં આવેલા બાર શિવજીનાં મંદિરોમાનું એક છે,જે પ્રવરા નદીને કિનારે આવેલું છે.

આ મંદિર ખુબ જ રમણીય સ્થળ પર આવેલું છે મંદિર પૂર્વ તરફના પ્રવેશદ્વાર સાથે નીચા પેરાપેટથી ઘેરાયેલું છે, તેની પૂર્વમાં અંતરાલા અને ગર્ભગૃહ છે.મંદિરના પૂર્વના પાછળના દરવાજા આગળ એક મંડપ છે.

મંદિર પશ્ર્ચિમ તરફ છે.મંદિરમાં સ્થાપિત લિંગ વિશિષ્ટ છે, તેમાં યોનીનો સમાવેશ છે જે ખડકના પોલાણ પર મૂકેલ છે તેની ઉપર કળશ આકારમાં ત્રણ પથ્થરો એકબીજાની ઉપર રાખેલા છે.નંદી મંદિરની પાછલા દરવાજા તરફ છે. આ સિવાય અન્ય બે નંદી પણ છે.

મંદિર ઉપરના સુશોભિત શિખરો અકબંધ છે.આ મંદિરની દિવાલો ભૌમિતિક પેટર્નથી શણગારેલી છે.આ મંદિર શિન્નરના ગોંડેશ્વર મંદિર જેવું જ છે.

જિંદગીમાં એક વખત તો આ અમૃતેશ્વર મંદિરની મુલાકાત લેવી જ જોઈએ.

શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

-----------------------------------

NOG SS No : 73
વિષય..શ્રાવણના સરવૈયા
પ્રકાર.ગદ્ય

-----------------------------------

NOG SS NO - 0050
શીર્ષક - માહાદેવનો મહિમા.
...................................

શ્રધ્ધા પૂર્વક ચાલોને આપણે ભજી લઈએ.મારો ભોળિયો માત્ર પાણી લોટો ચઢાવવાથી રાજી થઈ જાય. શિવને દેવોનાં દેવમાંથી એક દેવ કહેવાય. શિવ ભગવાન મહાદેવ જ કહેવાય. છે બીજા નામો ભોળાનાથ, શંકર ,મહેશ ,રુદ્ર, નીલકંઠ. તંત્ર સાધનામાં શિવને ભૈરવના નામથી પણ ઓળખાય છે. હિન્દુ ધર્મનાં મુખ્ય દેવતાઓમાંથી એક ભગવાન શિવ અને વેદમાં રુદ્રના નામે પણ ઓળખાય છે. શિવ મનુષ્યની ચેતનાના અંતર્યામી એટલે માનવનાં મનમાં શું ચાલે છે તે જાણી લેતાં. તેમની અર્ધાંગિની એટલે શિવશક્તિ માતા 'પાર્વતી' ભગવાન શિવને બે પુત્ર કાર્તિકે અને ગણેશ, પુત્રી અશોક સુંદરી .શિવનેધ્યાનમગ્ન

જોયા છે . પણ પૂજા શિવલિંગ ને મૂર્તિ બંનેની જ કરાય છે . તેમનાં હાથમાં ડમરું, ત્રિશુલ જોવાં મળે. ભગવાન સદાશિવ પરબ્રહ્મ છે. પ્રાચીન સમયમાં વિદ્વાનોનો ઈશ્વર માનતાં.

સદાશિવ પોતાનાં શરીરથી દેવીશક્તિનું સર્જન કરેલું. ત્યારથી તેમનાં શરીરથી અળગા થવા નથી દીધાં. દેશશક્તિને પાર્વતી સ્વરૂપ મનાય છે અને પ્રભુને અર્ધનારેશ્વરનાં સ્વરૂપે તરીકે ઓળખાય છે .તેવી શક્તિ ને પ્રકૃતિ ગુણવંતી માયા બુદ્ધિ તત્વની જનની અને વિકાર રહિત માનવામાં આવે છે.

કહેવાય છે× શ્રીમદ્ દેવીમહા પુરાણ ×અનુસાર ભગવાન શિવનાં પિતા માટે કથા ..!

એક વખત નારદજી પોતાનાં પિતા બ્રહ્માજીને સવાલ કર્યો..?

સૃષ્ટિનું નિર્માણ કોણે કર્યુ..? ભગવાન વિષ્ણુએ કે ભગવાન શિવે.

તમને ત્રણેયને જન્મ કોણે આપેલો..? માતા પિતા કોણ છે ત્યારે બ્રહ્માજીએ ત્રિદેવના જન્મની કથા કહી 'દેવી દુર્ગા' અને શિવ સ્વરૂપ બ્રહ્માના યોગથી.'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ' ની ઉત્પત્તિ થઈ છે. 'પ્રકૃતિ સ્વરૂપ દુર્ગા માતાને બ્રહ્મ એટલે કાળ સદાશિવ પિતા છે '

બ્રહ્માજી અને શ્રી વિષ્ણુજી વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારે બ્રહ્માજીએ કહેલું હું તારો પિતા છું. કેમકે સૃષ્ટિનું સર્જન મારાથી થયું છે.

ત્યારે વિષ્ણુએ કહ્યું કે હું તમારો પિતા છું મારી નાભિ કમળમાંથી ઉત્પન્ન થયો છું. સદાશિવ વિષ્ણુ અને બ્રહ્માજી વચ્ચે આવીને કહ્યું એ પુત્રો મેં તમને જગતની ઉત્પત્તિ અને સ્થિતિ જેવાં બે કાર્યો આપ્યાં છે.

શંકર ને રુદ્રને બે કાર્ય સંહાર,ને તિરોગતિ આપ્યાં છે.વેદોમા બ્રહ્મ કહેવાય છે. પાંચ મુખ છે. અ, ઉ, બિંદુ, મ, તથા પાંચમાં મુખથી શબ્દ પ્રગટ થાય છે.

પાંચ અવવયોથી એકીભૂત થઈ ×ઓમ× અક્ષર બન્યો. મૂળ મંત્ર કહેવાય. માટે જ શિવજીનાં મહિનામાં ઓમને મૂળ મંત્ર તરીકે પૂજાય છે. ચાલોને આપણે શિવનાં આ મંત્રને ભજી લઈએ શ્રાવણનાં મહિનામાં અને એનો મહિમા અગાધ છે ઓમ બીજ મંત્ર કહેવાય છે.

રાગીની શુક્લ 'રાગ'.મુંબઈ, કાંદિવલી

-----------------------------------

NOG. SS.0032
વિષયઃ- શ્રાવણના સરવરિયા, શિવજી.
વિભાગઃ- પદ્ય
શીર્ષકઃ- ભોલા શંકર (આરતી)

ભોલા શંકર ભગવાન,ભજુ તમને વારંવાર,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
ડમ ડમ ડમરુ બોલે,કંઠે નિલકંઠ ઓળખાય,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
અખિલ બહ્માંડને તારે, નિરાકાર પંચમ સૂરે,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
બમ બમ બોલે,શિવ શિવ શંકર ડોલે,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
ગણપતિના તાત, પાર્વતીજીના નાથ,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
ત્રિશૂળ લીધું છે હાથ,ત્રિભુવનનાં સ્વામી,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
ગળે સર્પોની માળા,ત્રિશૂળપૂંડ ભાલે,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
શિવ શિવ જપતા, શરણ શિવ શંકર,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
૧૦૮ શિવ નામથી જપે રુદ્રાક્ષના જાપ,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
એકમુખી, દ્વિમુખી,પંચમુખી કહેવાયો,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.
કોટી કોટી પ્રણામ,મારા ભોલા શંકર નાથ,
બોલો સત્યમ શિવમ સુંદરમ રે.

મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ ..૭/૮/૨૦૨૨

-----------------------------------

*NOG SS NO: 004
★વિષય: શ્રાવણના સરવરિયા★
★પ્રકાર: ગદ્ય★
★શબ્દ:૩૦૯
★શીર્ષક:શ્રધ્ધા★

શ્રાવણ આવે એટલે ભારતમાં તહેવારોની રમઝટ શરૂ થાય. જીવનભર ભારતીય પોતાના પર્વોથી આનંદ માણતો રહ્યો છે.

દ્રુશાને શ્રાવણ આવે એટલે જન્માષ્ટમી ઉજવવી ખૂબ ગમે. નાની હતી ત્યારથી લાલાને પારણે ઝૂલાવે

અને સુંદર વાઘા પોતાને હાથે બનાવે.મોટી થતાં તેમાં ગુરુ

એ તેને કંઠી પહેરાવી તેને જ્ઞાન હતું તેટલું તે ભક્તિ પૂજા કરતી રહેતી. અભ્યાસમાં પણ હોશિયાર હતી. સાથે

તેણે નક્કી કર્યુ હતું કે તે ગીતામાં પીએચડી કરશે.

વૈષ્ણવ કુટુંબની દીકરી હતી. ખૂબ જ સંસ્કારી હતી.

ભણતર પૂર્ણ થતાં જ તેમાં લગ્ન લેવાયાં. શિવાંગ સાથે.

જેવું નામ તેવો જ શિવ ભક્ત. બન્નેનાં ધાર્મિક વિચારો સરસ ,પણ ભગવંત અલગ.લગ્નને અઠવાડિયું જ બાકી

હતુંને શિવે દ્રુશા માટે એકમુખી રૂદ્રાક્ષની સુંદર સોનામાં માળા મોકલી. તુલસી સિવાય કોઈ કંઠી ન અંગિકાર

કરનારી તે હવે શું કરે?

બહુ જ વિચાર કરી તેણે તે માળા ક્ષમા માંગતા જ પાછી મોકલી. શિવાંગને ખોટું લાગ્યું. તેણે ફોન ન કર્યો.

બે દિવસ સુધી તેના ફોનની રાહ જોતી રહી. લગ્નનો દિવસ નજીક આવતો હતો. શું કરવું ના કરવું આ અસમંજસમાં તે કંઈક ખરીદવા માટે બહાર નીકળી

તેની નજર એક ફ્રેમવાળાની દુકાન પર ગઈ. બે મિનિટ ઊભી રહી ગઈ.મીરાંનાં ગળામાં તેની નજર પડી તો તે

રુદ્રાક્ષની માળા ને કર્ણ ફૂલમાં પણ !ઓહ, તે બોલી

કૃષ્ણને બાળપણથી ચાહનારી મીરાં.. પોતે શેના માટે

આ શ્રધ્ધાથી ડગી ગઈ! કેમ?

તેણે શિવાંગને ફોન કર્યો , કાંઈ જ ન બોલતા તેણે

રુદ્રાક્ષની માળા માંગી. શિવાંગે તેની માતા જોડે બે માળા મોકલી એક તુલસીની ને બીજી રુદ્રાક્ષની.

તેની માતાએ જેવી સુંદર ચાંદીની ડબ્બી ખોલી તેવી દ્રુશા એ રુદ્રાક્ષની માળા હાથમાં લઈ મંદિરમાં લાલાને ચરણે ધરી પોતાનાં ગળામાં પહેરી દીધી. તેની પાંપણ પર એક મોતી ચમક્યું

જેવું નીચે પડવા ગયું કે તેની સાસુએ તર્જનીથી હાથમાં લઈ કહ્યું ,'' આ જ શ્રદ્ધા લઈ બેટી તારા ઘરે આવજે

આમ શ્રાવણના સરવૈયા વહેવડાવી ન નાંખીશ.''

લગ્નને દિવસે માહયરામાં વરવધૂના ગળામાં રુદ્રાક્ષ ને તુળસીની માળામાં શ્રધ્ધા રૂપી ચમકતી હતી.વાડાઓ તૂટી ગયા હતાં એક જ ઈશ્વરની શ્રધ્ધાની જીત થઈ હતી.

જયશ્રી પટેલ..૭/૮/૨૨

-----------------------------------

NOG SS No.0081
વિષય : શિવજી
પ્રકાર : પદ્ય
શીર્ષક :શિવ શંભુ છે તો અવની છે!

શિવજીની આપ સૌ પર બની રહે માયા,
એમની રહેમ પલટી દે કિસ્મતની? કાયા.
શિવ- શક્તિની કૃપા સદૈવ રહે વરસતી,
મનચક્ષુને એનાં આશિષ આપે દૃષ્ટિ.
શિવ તો ભોળાં, ભક્તિ જ બસ ચાહે,
જીવન એમનું જપ,તપ પણ જગ કાજે.
અમૃત તો સૌ ચાહે, વખનું શું?કોણ ચાહે!
શિવજીએ જ ઉપકૃત કરી ધરા શોષી એ વખ.
નીલકંઠ બનવું શિવજીની જેમ નથી સુલભ,
ફેલાવતું અટકાવી અનિષ્ટ સૌને રાખવા ક્ષેમ.
શિવ છે સત્ય,શિવ જ સુંદર,
શિવ છે તો જીવ છે,યાદ રહે નિરંતર.
સત્ય નથી હોતું નિત સુંદર,તો ય પાલન એનું,
કરે શુભ જીવ સૃષ્ટિનું,એ જ સૂત્ર સોનાનું.
#© માયા દેસાઈ
મુંબઈ ભારત.

ગુજરાત સરકારના તાબા હેઠળની કચેરી

# ભાદર નહેર વિતરણ તથા પાનમ યોજના વર્તુળ ના બે કામદારોને સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના લાભો આપવા અને સળંગ નોકરીથી ફરજ ઉપર હાજર કરવાનો ગુજરાત હાઇકોર્ટ નો આખરી આદેશ થતાં સિંચાઈ વિભાગના કામદારોમાં આનંદ ભયો

પંચમહાલ ,

ગુજરાત સરકારના તાબા હેઠળ ચાલતી પંચમહાલ અને મહિસાગર જિલ્લા ની ભાદર નહેર વિતરણ વિભાગ માં ૧૯૮૦ થી રોજમદાર મજૂર તરીકે ફરજ બજાવતા ભગવાનભાઈ મોતીભાઈ બામણીયા ને કોઈ પણ જાતના વ્યાજબી કારણો સિવાય સંસ્થાએ ૧૯૯૮ વર્ષમાં નોકરીમાંથી ગેરકાયદે છૂટા કરેલ તેમજ પાનમ યોજના વર્તુળ ના પાનમ ડેમ ખાતે રાયસીંગભાઈ ભગાભાઈ ૧૯૮૦ માં રોજમદાર તરીકેની ફરજ માં હાજર થયા હતા અને તેઓને પણ સંસ્થાએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય ૧૯૯૯ ના વર્ષમાં ગેરકાયદેસર છૂટા કરી દેતા બંને કામદારોએ ન્યાય મેળવવા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈનો સંપર્ક કરતા ફેડરેશન દ્વારા બંને કામદારોને થયેલા અન્યાય બાબતે સામા વાળા વિરુદ્ધ મજુર કાયદાની કલમ ૧૦(૧),, હેઠળ પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સહિત અરજદારોને તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા નો વિવાદ મજૂર અદાલત ગોધરા ખાતે દાખલ કરેલ જે વિવાદ ચાલી જતા નામદાર મજૂર અદાલત સમક્ષ ફેડરેશનના એડવોકેટ સીતેશ એ ભોઈ તથા વૈભવ આઈ ભોઈ કેસ માં હાજર રહી સંયુક્ત દલીલો કરતા તે બંને કામદારોને પડેલા દિવસોનો પગાર અને નોકરી માં પુનઃ સ્થાપિત કરવાના બદલે ઉચ્ચક વળતર પેટે ભગવાન બામણીયા ને ભગવાન મોતી બામણીયા ને રૂપિયા બે લાખ પાંચ હજાર તથા ભગાભાઈ રાસીંગભાઈ બારીયા ને રૂપિયા ૫૫ હજાર રૂપિયા આપવાનો હુકમ કરવામાં આવે પરંતુ બંને કામદારો મજૂર અદાલતના થયેલા હુકમથી નારાજ થઈ ગુજરાત સ્ટેટ લેબલ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ નંબર ૬૪૩૩/૧૯ તથા ૧૬૬૧૨/૨૦ થી દાખલ કરે જે કેસ ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેસમાં પડેલા પુરાવા આધારિત મજુર અદાલત ગોધરાનો થયેલો હુકમ મોડીફાઈ કરી યાની એ હુકમમાં ફેરફાર કરી બંને કામદારોને તેમની સળંગ નોકરી ગણી ફરજ ઉપર હાજર કરવા નો આખરી આદેશ કરેલ છે તેમજ સરકારશ્રીના મળવાપાત્ર ૧૭/૧૦/૮૮ લાભો આપવાનો હક ઉભો રાખી આદેશની કરતા કામદારોને વર્ષો બાદ નવું જીવત દાન મળેલ છે આ હુકમથી સિંચાઈ વિભાગના કામદારોમાં અને અરજદારોના પરિવારમાં આનંદ છવાયો છે

પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ જી પંચમહાલ અંબાલાલ એસ ભોઈ

# ભાદરવી મહા મેળાને લઈ શ્રી અંબાજી ભાદરવી પુનમિયા સૅંઘ સેવા ટ્રસ્ટ ની અંબાજી ખાતે મિટિંગ યોજાઈ



અંબાજી,

આવનાર ૫ થી ૧૦ સેપ્ટેમ્બર અંબાજી માં ભાદરવી મહા મેલા નું આયોજન છે.જેને લઈ હાલ માં વૈયવટી તંત્ર ની પુર્ણજોશિ થી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.અંબાજી ભાદરવી મહામેલા માં આવનાર લાખો લોકો ની સુવિધાઓ પુરી પાડવા તંત્ર કાર્યરત છે.

આજે અંબાજી ખાતે આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રી ના અધ્યક્ષતા માં ભાદરવી પુનમિયા સૅંઘ ની મિટ્ટીગ યોજાઈ હતી.આજે શ્રી ભાદરવી પુનમિયા સૅંઘ સેવા ટ્રસ્ટ ની મિટિંગ અંબાજી ના અગ્રસેન ભવન ખાતે યોજાઈ હતી. ભાદરવી પુનમિયા સૅંઘ સેવા ટ્રસ્ટ માં ગુજરાત ના નાના મોટા ૧૪૦૦ જેટલા સૅંધો નો સમાવેશ છે. આ ૧૪૦૦ સૅંધો નો પ્રતિનિધિત્વ ભાદરવી પુનમિયા સૅંઘ કરતો હોય છે. આજે યોજનાર મિટિંગ માં આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલ , જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, બનાસકાંઠા જિલ્લા પોલિસ વડા, અંબાજી મંદિર ના વેયવટદાર આર.કે.પટેલ, અને મંદિર ના અધિકારીઓ હાજર રયા હતા. ભાદરવી પુનમિયા સૅંઘ ના પ્રમુખશ્રી સાથે બીજા નાના મોટા સૅંધો ના બે બે પ્રતિનિધિ આ મિટિંગ માં હાજર રયા હતા.મિટિંગ નો ઉદેશય

અંબાજી ખાતે ભાદરવી પુનમિયા સૅંઘ અને વૈયવટી તંત્ર ની મિટિંગ માં મંત્રી ઋષિકેશ પટેલ અને બનાસકાંઠા ના કલેક્ટર આનંદ પટેલ અને જિલ્લા પોલીસ વડા દ્વારા સલાહ સુચન આપવા માં આવી હતી.

આવનાર ભાદરવી મહામેલા માં તમામ સૅંધો અને પદયાત્રીઓ ને સરળતા થી માતાજી દર્શન થાય સાથે રહેવાની , જમવાની સાથે અંબાજી ને જોડતા તમામ માર્ગો પર કોઈને મુશ્કિલી ના થાય તે માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરવા બાબતે મિટિંગ યોજાઈ હતી. ભાદરવી મહામેલા માં કોઈ પણ અપ્રિય ઘટના ના ઘટે તેના ભાગરૂપે જિલ્લા તંત્ર વતી સલાહ સૂચનો પણ આપવા માં આવ્યા હતા. અંબાજી

# ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ઘરઘર તિરંગા એક દિવસીય ઓનલાઈન કવિ સંમેલન



૭મી ઓગસ્ટ ૨૦૨૨ ને રવિવારે સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી, થીમ ઘરઘર ત્રિરંગા ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું મુખ્ય મહેમાન મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુલાબ ચંદ પટેલ, સરસ્વતી વંદના રંજના બિનાની આસામ ગોલાઘાટ ૪૧ થી વધુ કવિ મિત્રોએ ભાગ લીધો હતો વોટશોપમંચ ૨૬૯ થઈ ખીચોખીચ ભરેલો હતઃ વધુ કાર્યક્રમના અંતે પ્રીતિ પરમાર પ્રીત દ્વારા રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું. ડો.પ્રમુખ શૈલ દ્વારા સુંદર ડીજીટલ પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું.મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ, બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબ,અસમ હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ વગેરેના કવિ મિત્રો. આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઘર-ઘર ત્રિરંગા કવિ સંમેલનમાં કવિને ખૂબ મજા કરી હતી.અંતિમ તબક્કામાં ડો.શૈલેષ વાણિયા શૈલે સૌનું અભિવાદન કર્યું હતું.અમૃત મહોત્સવનો પર્વ ની અનોખી ઉજવણી મંચ પર જોવા મળી ભારત માતા કી જય ??નાદ સાથે કાર્યક્રમને સમાપત જાહેર કર્યો.

સંસ્કાર અને ગુણ વારસામાં હોય છે.....

# ખુબ નાની વયનો ચિત્રકાર અંશ પ્રજાપતિ

અરવલ્લી.સા.કાઠા



સાબરકાંઠા જીલ્લા નાં હિંમતનગર ખાતે રહેતો અંશ પ્રજાપતિ આનંદમાર્ગે ઈંગ્લીશ મીડીયમ સ્કુલ નો વિદ્યાર્થી છે જે ધોરણ ૪ માં અભ્યાસ કરે છે દરેક વિધાર્થી માં એક નવો જોમ અને જુસ્સો હોય છે કે જે અભ્યાસ ની સાથે સાથે કંઈક નવું કરતાં હોય છે અંશ પ્રજાપતિ ચિત્ર દોરવામાં એક હોશિયાર વિદ્યાર્થી છે જે પોતાની જાતે અભ્યાસ નાં સમય બાદ કંઈક ને કંઈક નવું શીખવાનો પ્રયત્ન કરતો હોય છે જેની ઉંમર માત્ર ૯ વર્ષ છે ચિત્ર નું કામ એને વારસાઇ માં મળ્યું હોય એવું લાગે છે અંશના પિતાશ્રી પણ અભ્યાસ સમયે સારાં એવાં ચિત્રો બનાવતા હતા અંશ નાં મોટા ભાઈ જશ પ્રજાપતિ પણ એક ખુબ સારો એવો ચિત્ર નો આટીસ્ટ છે લોકડાઉન ના સમય માં કોરોના નું ચિત્ર નદીના મોટા પથ્થર પર બનાવ્યું હતું જેની નોંધ ચેનલ સમાચારો એ લીધી હતી આજે અંશ પણ પોતાના પિતાશ્રી અને મોટાભાઈ જશ પ્રજાપતિ ની જેમ પેન્સીલ સ્કેચ ના પેન્ટીગ બનાવે છે કહેવાય છે કે મન હોય તો માળવે જવાય ની કહેવત અંશ પ્રજાપતિ એ પુરવાર કરી બતાવી છે

રીપોર્ટ..... હિરેન પ્રજાપતિ.... અરવલ્લી સા.કાઠા

# વૃદ્ધ, નિરાધાર માવતરોને ઓગસ્ટ-૨૦૨૨ની રાશનકીટનું વિતરણ કર્યું

બગસરા,




વૃદ્ધાવસ્થામાં કોઈની ઓશિયાળી જિંદગી જીવવીના પડે તે માટે બગસરામાં અને સાપર ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા ઓગસ્ટ-૨૦૨૨ ની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યક્ત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે...

# બનાસકાંઠા ભીલડી તાલુકા ખાતે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ ના હોદેદારોની વરણી કરાઈ



બનાસકાંઠા સમાચાર

આજ રોજ તા. ૭/૮/૨૦૨૨ ને રવિવારે અખિલ ભારતિય પત્રાકાર સુરક્ષા ના ગુજરાત અધ્યક્ષ જીગ્નેશભાઇ કાલાવાડીયા,કોશા અધ્યક્ષ અજયસિંહ પરમાર, ગુજરાત સંયોજક મિનાજ મલેક, પ્રદેશ મંત્રી રામજીભાઇ રાયગોર, પ્રદેશ મહામંત્રી સંગઠન જેણુભા વાઘેલા, ગુજરાત પ્રભારી રાજ ગર્જ્જર, બનાસકાંઠા જીલ્લા પ્રમુખ દશરથસિંહ સોલંકી, બનાસકાંઠા ઉ.પ પ્રમુખ જગદીશ પઢીયાર તેમજ પ્રોફેશનલ પ્રેસ યુનિટી ના મહામંત્રી દીલીપભાઇ ગોહીલ ના નેતૃત્વ હેઠળ ભીલડી તાલુકા ના હોદ્દેદારો ની વરણી હનુમાનજી ના મંદીર ખાતે કરવામાં આવી હતી. જેમાં ભીલડી તાલુકા માં પ્રમુખ તરીકે વજેરામભાઇ જોષી,મુડેઠા ઉપ.પ્રમુખ તરીકે રમેશભાઇ ચાવડા, મંત્રી સંજયસિંહ રાઠોડ, સહમંત્રી શૈલેષભાઇ જોષી, ખજાનચી રેવાભાઇ દેસાઇ, આઇ.ટી.સેલ. ભરતભાઇ ઠાકોર ની વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં ભિલડી તાલુકા ના પત્રકારો હાજર રહ્યા હતા.

# પર્યાવરણ મિત્ર વર્કશોપ અમદાવાદ ખાતે યોજાયો



સી. ઈ. ઈ-સુંદરવન અમદાવાદ દ્વારા ટકાઉપણું અને જૈવિક વિવિધતા અંતર્ગત એક દિવસીય વર્કશોપ તારીખ ૦૫/૦૮/૨૦૨૨ ના રોજ અમદાવાદ સુંદરવન ખાતે યોજાયો હતો. રાજ્ય કક્ષાના આ વર્કશોપ યોજવામાં બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સંજયભાઈ પરમાર સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી સમગ્ર બનાસકાંઠામાંથી પાંચ શિક્ષકશ્રીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં શ્રી આલોકભાઈ મિશ્રા, સી. આર. સી કોંઓશ્રી પુંજપર સી. આર. સી, શ્રી શૈલેષભાઈ પ્રજાપતિ, હેડટીચરશ્રી ગોગાઢાણી પ્રાથમિક શાળા, શ્રી અશ્વિનસિંહ સોલંકી, આચાર્યશ્રી, સોલંકીવાસ જેનાલ પ્રાથમિક શાળા, શ્રી પ્રકાશભાઈ પ્રજાપતિ, આચાર્યશ્રી એસ. બી. પુરા પ્રાથમિક શાળા, શ્રી જનકભાઈ ઉપાધ્યાય, કુવારસી પે. કે શાળા આ વર્કશોપમાં જોડાયા હતા.જેમાં સૌ પ્રથમ રજીસ્ટ્રેશન, ઉદઘાટન સેશન, એકટીવીટી પાર્ટ એ/બી ચર્ચા, પ્રકૃતિ નિદર્શન, ગૃપ ચર્ચા, પેઝન્ટેશન, ફીડબેક, અંતમાં સર્ટિફિકેટ આપવામાં આવ્યા. આ વર્કશોપમાં શાળાના બાળકોમાં પર્યાવરણ માટે જાગૃતિ, જાળવણી માટેની ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

# બનાસકાંઠા ના અમીરગઢમાં પિસ્તોલનું ગેરકાયદેસર વેંચાણ થતું ઝડપાયું



બનાસકાંઠા સમાચાર

બનાસકાંઠાના અમીરગઢમાંથી પિસ્તોલનું ગેરકાયદેસર વેચાણ થતું ઝડપાયું છે. અમીરગઢ હાઈવે પર આવેલી એક હોટલ નજીક બે પિસ્તોલોનો સોદો થાય તે પહેલા જ બનાસકાંઠાની એસઓજી પોલીસે છાપો મારી પિસ્તોલ વેચવા આવેલા શખ્સને બે પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો છે. જોકે પિસ્તોલ ખરીદવા આવેલો મહેસાણાનો શખ્સ તેમજ કારચાલક ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.રણની કાંધીને અડીને આવેલો બનાસકાંઠા જિલ્લો ગુજરાત રાજસ્થાનની બોર્ડરને જોડતો જિલ્લો છે. જોકે આ જિલ્લામાં આંતરરાજયને જોડતી બોર્ડર આવેલી હોવાથી આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગુનાહિત અને ગેરકાયદેસર ચીજવસ્તુઓની હેરાફેરી થતી હોય છે. ત્યારે વધુ એક વખત રાજસ્થાનને અડીને આવેલા અમીરગઢ તાલુકામાં પિસ્તોલનું વેચાણ થતું પોલીસે ઝડપી પાડયું છે.

બનાસકાંઠાની એસઓજી પોલીસને અમીરગઢના ધનપુરા નજીક આવેલી શિવલહેરી હોટલમાં બે પિસ્તોલોનો સોદો થવાનો હોવાની બાતમી મળી હતી. જોકે અંગત બાતમીના આધારે એસઓજીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બાતમીના આધારે પિસ્તોલ વેચવા આવેલો શખ્સ નજરે પડતા પોલીસે તેને દબોચી લીધો. તેની તલાશી કરતા તેની પાસે રહેલી બે પિસ્તોલ કબ્જે કરી લીધી.




**સ્વાવલંબન ટ્રસ્ટ દ્વારા લાયન્સ કલબ સંવેદના તથા અન્ય દાતાઓના સહયોગથી રક્તપિત્તના દર્દીઓ સાથે રક્ષા બંધનની ઉજવણી કરી અન્ન કીટ નું વિતરણ કાર્યક્રમ ઉજવવા માં આવ્યો. આ પ્રસંગે સ્વાવલંબન ટ્રસ્ટ ના રેખાબેન પંચાલ તથા અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા**

# દશામાની મૂર્તિના વિસર્જન દરમિયાન જુદીજુદી જગ્યાએ ત્રણ યુવકો પાણીમાં ડૂબ્યા

અમદાવાદ,તા.૭

ગતરોજ રવિવારે દશામા ના વ્રતની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અને લોકોએ હોશભેર આખીરાત જાગરણ કરી માતાજીની આરાધના કરી હતી. અને વહેલી સવારે ઘરે પધરાવેલી માતાજીની મૂર્તિનું નજીકના નદી કે તળાવમાં વિસર્જન કરવા પણ ગયા હતા. પરંતુ આ વિસર્જનની પ્રક્રિયાએ લોકોના આનંદને માતમમાં ફેરવી નાખ્યો છે. ગુજરાત રાજયમાં અનેક જીલ્લામાં મુર્તિ વિસર્જન દરમિયાન યુવકોના તણાઇ જવાની ઘટના બની છે. જે ભારે દુખદાયક છે. રાજયના સાબરકાંઠા, ભરુચ અને પંચમહાલમાં મુર્તિ વિસર્જન દરમિયાન ગોઝારી ઘટના નોધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ભરૂચના અંકલેશ્વરની અમરાવતી નદીમાં દશામા મુર્તિ વિસર્જનની ઘટનામાં ૩ યુવકો તણાયા હતા. જેને પગલે આસપાસ લોકો નદી પાસે આવી પહોચ્યા હતા. જોકે એક યુવકનો આબાદ બચાવ કરવામાં આવ્યો છે. તો એક યુવકનો મૃતહેદ મળી આવ્યો છે. જોકે હજુ પણ એક યુવકની શોધખોળ હજી પણ ચાલું છે.

# અમદાવાદ(પૂર્વ) આર.ટી.ઓ. દ્વારા મોટર સાયકલ, મોટર કાર, ઓટો રીક્ષા અને ટ્રાન્સપોર્ટ વાહનોની જૂની સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઓક્શન શરુ થશે

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી શ્રી, અમદાવાદ (પૂર્વ)ની કચેરી દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વાહન માલિકોએ આગામી તા. ૧૦ થી ૧૨ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

મોટર સાયકલ, મોટર કાર, ઓટો રીક્ષા અને ટ્રાન્સપોર્ટ વાહનોની જૂની સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન માટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/fancynumbeપિર આગામી તા. ૧૦ થી ૧૨ ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તા. ૧૩ અને ૧૪ઓગસ્ટ ૨૦૨૨ના રોજ ઈ-ઑકશનનું બિડિંગ યોજાશે. અને તા. ૧૭ઓગસ્ટ ૨૦૨૨ના રોજ ઈ-ઓકશનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://parivahan.gov.in/fancynumberવેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બેમાંથી જે વહેલું હશે તે તારીખથી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોય તેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડની રકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.